માયાનો મોહ

અનાથ યુવતીઓ પાપી પંજામાં
સપડાઇ કેવી ચક્કીમાં પીલાય
છે, તેના વર્ણનની
એક કરૂણ વાર્તા.

પ્રગટ કર્તા:—
રતનશાહ એફ. અચારીઆ.
ઠે. "વાર્તા વિભાગ" ફેવરીટ, ક્રાફર્ડ માર્કેટ મુંબઇ.

વાર્તા વિભાગ-પુષતક ૮૦મું

કીમત..........બે..........આના

ફેવરીટના ફાયદા—

તે શું શું?

૧—ફેવરીટનું, ચોથા હીસ્સા જેટલું નાનું (વરસે રૂ. ૨, પોષ્ટ સાથે) લવાજમ હોવા છતાં તે બીજા માસીકો જેમ, બે કે ત્રણ માસે તંત્રીની નીરાંતે નીકળતું નથી ! પણ—વરસોથી એક બી ખાડો કર્યાં વગર, છરીની ધાર પર ચાલતું હોય તેમ, નિયમીત દર તા. ૧ લી એ બાહેર પડે છે.

૨—ફેવરીટને, અહીંથી તહીંથી નરમ ગરમ લેખો લેવાની જરૂર રહેતી નથી. નામે મોટા લખનારાઓની ખુશામત કરીને કે લુખાં સુકાં લખાણો વેચાતાં લઇને છાપવા માટે થોભવું પડતું નથી !—કારણ કે તેનો તંત્રી ૪૨ વરસનો અનુભવી અને છાપા લાઇનનો "જુનો કીડો" છે, જેઇયે એટલું નવું કે ઓરીજીનલ રાત કે દીવસ ગમે ત્યારે ચીત્રી શકે છે.

૩—ફેવરીટમાં બાહેરનાં લખનારાંઓ સેંકડો છે, તેઓ વગર માંગવે હજારો લેખોના ઢગલા મોકલી આપે છે કારણ કે ફેવરીટથી તેઓને નવું શીખવાનું મલે છે. વરસો અગાઉના નવા લેખકો (ચેલાઓ) એજ ગુરૂની નિશાળમાં શીખીને આજે પ્રવીણ બન્યા છે. ફેવરીટમાં મોકલેલા જેવા તેવા લેખોબી સમારી સોહડીને ટેસ્ટદાર ને તેજદાર બને છે અને દુન્યા વર્ણના વાંચકોમાં વંચાવાથી લખનારનું નામ ચોમેર પંકાય છે તેમજ તેની મહેનત ગવાય છે.

૪—છુટક નકલ બે આનામાં મુંબઇ કે બહારગામમાં અને બધા વીહલરના રેલવે બુક સ્ટોલે મળતી હોવાથી તેની બેસુમાર નકલો ખપે છે એટલે જાહેર ખબર આપનારાંઓને બીજા કોઇબી સાધન કરતા વધું લાભ થાય છે તેથી માત્ર જાહેર ખબરીઓને પુગાડવા જોગીજ થોડીક નકલો છાપી, "હાઇ કલાસ" નો દંભ મારવાની ફેવરીટને અગત્ય પડતી નથી.

માયાનો મોહ!

અનાથ યુવતીઓ પાપી પંજામાં સપડાઇ કેવી ચકકીમાં પીલાય છે, તેના વર્ણનની એક કરૂણ વાર્તા.

લેખક—દવેશ્રી રામદુલ્લભ એમ. સીયાલજયા.
"વાર્તા વિભાગ" ઠે. ક્રાફરડ મારકેટમાં મુંબઇ ૧.

પ્રકરણ—૧ લું.

"બેટા આજનો દી'તો રહોને!"

"નહિ ફોઇ આજતો જઇશ; કારણ કે ઘણા દીવસ થયા છે. માટે જઇશજ."

વસંત ગરમીની રજામાં તે તેની ફોઇને મળવા તેણીના ગામ ગયો હતો, પણ ત્યાં ઘણા દીવસ થવાથી મુંબઈ આવવા ઓચીંતો તૈયાર થયો. તેથી તેની ફોઇ રહેવા આગ્રહ કરતી હતી. પણ ફોઈના આગ્રહને લાત મારી તે તૈયાર થયો. વીનુએ પણ તેણે એકાદ દી' થોભવા વિનવ્યો.

"નહિ ભાઈ, નહિ આજતો હું જઇશજ."

"તેતો તમારી મરજી પણ હવે કંઇ ફોઇને ત્યાં વારેવારે આવવાના છો?" તેની ફોઇ રેવાએ બંન્નેની વાતમાં ઉમેર્યું.

વાત કરતા સૌ સ્ટેશને આવી ટ્રેનની રાહ જોતા પ્લેટફોર્મ પર ઉભા રહ્યાં, એટલામાં ટ્રેન આવી અને વસંત મુંબઈ જવા ઉપડી ગયો.

"દમણથી વસંતને એક યુવક સાથે થયો. સેકન્ડ કલાસ હોવાથી ઝાઝા પેશેન્જર ન હતા કોઇ આવતુ તો એક કે બે સ્ટેશન મુકી ઉતરી પડતું."

"નવીન બેઠેલો યુવક ઘડી ઘડી સંકોચીને વસંત તરફ જોતો હતો પણ વસંતતો 'પાડોશીની પુત્રી' નામક નવલ કથા વાંચવામાં મશગુલ હતો એટલે એને સ્વપ્ને પણ ખબર ન પડી કે તે તેને જોતો હતો."

"મીસ્તર વૉટ ઇઝ યુઅર નેમ?" નવા યુવકે આખરે નમ્રતાથી પુછ્યું.

"જી. વસંતરાય જગદીશ પટેલ" ડોક ઉંચી કરતા વસંતે પ્રત્યુત્તર આપ્યો.

"શું "વસંત? ખરેખર ત્યારે તો આપ વસંત ૠતુ જેવાજ છો હો!"

"આપનું નામ? વસંતે સામો સવાલ કીધો."

"મોહનલાલ દેવચંદ ઝવેરી."

"અને આપ પણ સ્ત્રીના સૌભાગ્યને શોભાવે તેવા ઝવેરાતના ઝવેરીજ છો ને?" વસંત હસ્તા હસ્તા બોલ્યો?"

"પણ હાલ ઝવેરી કયાં છું જો?

"આપ નહિ તો શું થયું પણ આપના વડીલો તો હતા ને?"

"આપ કયાં ઉતરશો?" મિત્રતાનો ભાવ બતાવતાં મોહનલાલે પુછ્યું."

"બોમ્બે સેન્ટ્રલ, અને આપ?"

"ત્યાંજ," મોહને ઉત્તર આપ્યો.

"બોમ્બે સેન્ટ્રલ આવ્યુ, વસંત અને મોહનલાલ ઉતર્યા, મોહનલાલની કાર આવેલી હતી."

"મી. વસંતરાય આમ આવોને?" મોહને કાર તરફ જઈ કહ્યું.

"નહિ, નહિ. મી. મોહનભાઇ એ ઉપકાર હું કેઃદી વાળીશ?"

"ઉપકાર શેનો? મિત્ર મિત્રનું કામ તેમા વળી ઉપકાર કેવો? શું આપ મને મિત્ર નથી ધારતા!

"કેમ નહિ? જરૂર આપ મિત્રજ છો!

"તો ચાલોને?"

અતિ આગ્રહથી વસંત મોટરમાં બેઠો.

"વસંત આવજો? વસંતને તેને ઠેકાણે ઉતારી મોહનલાલે જતાં જતાં કહ્યું અને એડ્રેસ આપ્યું.

"મોહનભાઈ ઉપર આવોને!" વસંતે આગ્રહ કીધો.

"નો થેંક્સ જવા દે ભાઈ કોક દીવસ હું જરૂર આવીશ."

"પણ આપ પહેલાં આવશો તોજ હું, અને જો આપ મારે ત્યાં આવો તો દીવસના ન આવશો ! કારણકે હું આખો દીવસ ઘેર રહેતો નથી. માટે તમે કોઇ વખત આવો તો રાત્રે આઠ વાગ્યા બાદ આવજો !" મોહનલાલ ગયો અને વસંત પોતાને ઘેર આવ્યો.

કેમ ભાઇ, ફોઇ અને વીનુ કેમ છે ? સુરેશે વસંતને ઘરમાં આવ્યા બાદ પુછ્યું.

"હા છે તો આનંદમાં પણ..."

"પણ શું ?" સુરેશે પુછ્યું.

"ફોઇએ અને વીનુએ મને રાખવા બહુ વીનવ્યો પણ હું ન રહ્યો."

"કેમ ન રહ્યો ? રહેવું હતું ને ? બે દીવસ પછી આવતે ? સુરેશે કહ્યું.

"રહેતે પણ તમે ગુસ્સે......"

"શા માટે ગુસ્સે થતે ? રહેવું હતું ને ?"

"ન રહ્યો, પણ ફોઇ તમુને પણ બોલાવતી હતી. અને વીનુએ પ્રણામ કહ્યા છે ? વસંતે જણાવ્યું.

પ્રકરણ—૨ જું.

રાત્રે નવનો સુમાર થયો હશે શીતળ રાત્રી સમસમ કરતી પસાર થતી હતી અને વસંત આજે મોહનલાલને ત્યાં જતો હતો. પણ ખુદ મોહનલાલ રસ્તામાંજ તેને મળ્યો.

"હલ્લો મી. વસંતરાય કયાં પધારો છો ?

"કોણ મોહનભાઈ કે ? હું આપનેજ મળવા આવતો હતો આપ કયા જાવ છો ?" વસંતે પુછ્યું.

"કંઇ નહિ જરા આમ તેમ વોક લેતો હતો !" મોહને કહ્યું.

બન્ને જણ વાત કરતા એક બિલ્ડીંગના પહેલા મજલે ચઢયા અને મોહનલાલે એક દીવાનખાનામાં પ્રવેશ કર્યો, વસંત ધડકતે હૃદયે અને અચકાતો તેની પાછળ દાખલ થયો. દાખલ થતાજ એક નવયોવન મુગ્ધાએ વસંતને "પધારો" કહી આવકાર આપ્યો.

પ્રકરણ—૩ જું.

દીવસોને વીતતા વાર શી ? દીવસો પર દીવસ પસાર થયા, હવે વસંતને ઘેર રહેવા કે બેસવા પણ ગમતું ન્હોતું તેને તો રંભાનું સૌન્દર્ય બોલાવી રહ્યું હતું.

"વસંત હું આપના રૂપ પર મદહોસ્ત થઇ છું આ દ્રશ્ય નજર સામે ખડું થતું ત્યારે તે મનમાં કહેતો "હા રંભા !"

આજે વસંત તૈયાર થઇ રંભાને ત્યાં જતો હતો.

"વસંત કયાં જાય છે ? વસંતને અટકાવતાં તેના ભાઈ સુરેશે પુછયું.

"કંઇ નહિ. ભાઈ જરા ચોપાટી જાઉં છું."

"વસંત આજ કાલ તારી ચલણ ઠીક લાગતી નથી હો ?"

"પણ ભાઈ હું તો ચોપાટીજ જાઉં છું." વસંતે શરમાતાં જવાબ આપ્યો.

"ભલે જા. પણ જલ્દી આવજે."

વસંત ફરવાનું બહાનું કાઢી રંભાને ત્યાં જતો એમ કેટલાક દીવસ વીતી ગયા.

તેના માત પીતાને સ્વર્ગવાસ થયાને પાંચ છ વર્ષ વીતી ગયાં હતાં તેથી તે સુરેશને પીતા તુલ્ય માનતો હતો. પણ હવે વસંત, વસંત નહિ બલ્કે પુરો શરાબી બન્યો હતો. હવે વેરનાં બીજ રોપાયાં, હવે તે સુરેશને દુસ્મન માનવા લાગ્યો, પહેલાં તો સુરેશ વસંતને બહાર જવા ના કહેતો તો તે ઘર બહાર પગ મુકતો ન્હોતો પણ હવે સુરેશ પુછતો કે, "વસંત કયાં જાય છે ? તો જવાબમાં તે કહેતો કે "મને તું કોણ પુછનાર ?"

"ગરીબ બીચારો સુરેશ સાંખી રહેતો, પ્રત્યુત્તર આપતો તો ફક્ત એજ કે "તારી મરજી ભાઇ." વસંત કહ્યું માનતો ન્હોતો તેથી સુરેશે તેની પુઠ મુકી દીધી.

* * *

"રંભા હવે છેલ્લી એક યુક્તિ છે." મોહનલાલે હર્ષ વિનોદે રંભાને કહ્યું.

"શાની યુક્તિ છે ?"

"એજ કે આપણા રસ્તામાં એક કાંટો છે તે દુર કરવો જોઇએ !"

"કહો કોણ છે ?"

"સુરેશ"

"કોણ સુરેશ ?"

"વસંતનો ભાઇ."

"તેનું શું !"

"આજ રાત્રે વસંત આવે તેને તારે સુરેશનું ખુંન કરવા કહેવું ?" મોહને અંતે પોતાનો વિચાર કહ્યો.

"ખુન ? ખુન શા માટે ?"

"હાં ખુન. શા માટે ? સાંભળ, જ્યાં સુધી સુરેશ હશે ત્યાં સુધી વસંતની જાગીર આપણે હાથ આવશે નહિ."

"પણ તે ખુન ન કરવા જાય તો ?"

"જરૂર જશે, તારા પ્રેમમાં તે પ્રેમી પાગલ થયો છે. એટલે તું તારૂં પ્રેમ ચારત્ર કરજે તેથી તે જરૂર ખુંન કરશે, મોહને કહ્યું."

"ઓલ રાઇટ ત્યારે તો રાત્રે વાત." રંભાએ ટેકો દીધો.

"રાત્રી પડી અને વસંત આવ્યો, આજે રંભાએ અતિ હાવભાવ બતાવ્યો, અને વસંતને આજે શરાબ પાવામાં કંઇ કચાસ રાખી ન્હોતી."

"વસંત આપ હવે મને ભુલી જાવ," રંભા પ્રેમ પાખંડ કરતા બોલી."

"કારણ ?"

"કારણકે આપ મારા પ્રેમનું મુલ્ય જાણતા નથી?"

"કહે શું મુલ્ય છે! જો તું કહે તો આકાશના તારા લાવી ત્હારી મોહનમાળા બનાવું! સુર્યના કિરણોનું તેજ ત્હારી મોહનમાળામાં પ્રવેશાવું, મણીધરનો મણી લાવી ત્હારા શયનગ્રહમાં અખંડ જ્યોત કરૂં! કહે શું ઇચ્છે છે?" પ્રેમ ગાંડા વસંતે કહ્યું.

" નહિ, નહિ, માત્ર એકજ ચીજ," રંભાએ કમરનો વળખાતાં કહ્યું.

"શું? ચીજ કહે સત્વર કહે." વસંતે ઉંસકેરાઈ પુછ્યું.

"આપના બંધુનુ મસ્તક."

"બંધુનું મસ્તક? રંભા?" વસંતે ભયભીત થઈ ચોંકીને કહ્યું.

"હાં, એજ મારા પ્રેમનું મુલ્ય છે."

એક બાજુ પ્રેમ મોહીની અને બીજી બાજુ ભાઇનું મસ્તક!! "શું હું મસ્તક ન લાવું તો મને રંભા પ્રેમ કરશે નહિ, "હાં નહિ કરશે, મનનો જવાબ મળ્યો...શું કરવું તે સમજ પડી નહીં, ક્ષણભર વીચાર કરી બોલ્યો, "લાવીશ."

"તો લો? આ ચપ્પુ અને જાવ, રંભાએ ધારવાળું અણીદાર લાંબુ ચપ્પુ આપ્યું તે વસંત લઇ પડતો આખડતો દોડયો, ચાલવાની શુદ્ધી ન્હોતી, પગ જમીન પર થરતા ન્હોતા, મહા મહેનતે ઘેર પોંહચ્યો.

પ્રકરણ—૪ થું.

સુરેશને આજ નિંદ્રા આવતી નહોતી એટલે ઇશ્વરને યાદ કરતો જાગૃત અવસ્થામાંજ બીછાણે પડયો હતો તેટલામાં તેની દ્રષ્ટી દરવાજા પર પડી તેણે શું? જોયું?

વસંત દરવાજો ખોલીને હાથમાં ઝગઝગતું મોટું ચપ્પુ લઈ આવતો હતો? શું હું આ સત્ય જોઉં છું? સુરેશે ભયભીત થઈ આંખ મીચી દીધી. તે ઢોલ્યા સાથે સજ્જડ થઈ ગયો, તેનું કાળજું થરથર કંપવા લાગ્યું અને ઇશ્વર પર ભરોસો રાખી સુઈ રહ્યો.

વસંત અંદર આવી ચપ્પુ લઈ સુરેશને મારવા ધસ્યો પણ તે ચપ્પુ મારી શકયો નહિ, જેવો તે મારવા જતો હતો તેવોજ એક ચમત્કાર થયો અને તેવીજ ચીસ નખાઈ ગઈ.

હાથમાં કળતર થવા લાગી મસ્તક ફરવા લાગ્યું. હૃદય રડી રહ્યું, મંન હાથ ઉપાડવા ના કહેતું હતું વીચાર ચગડોળે ચઢયો.

"શું હું મારેજ હાથે ભાઇનું ખુંન કરૂં? અંતઃકરણમાંથી જવાબ મળ્યો "નહિ મુર્ખ, જેની સાથે તું બાલ્ય અવસ્થામાં આનંદથી રમતો હતો, જેના આધારે તું ઉછર્યો હતો જેણે તને પાંખમાં રાખ્યો તેનુંજ તું તારે હાથે ખુંન કરે છે? તેને પોતાના માત પીતાની છબી ભાળી અને તેનો હ્રદય પલટો થયો ખુમારી ઉતરી ગઇ. ચપ્પુ ફેંકી દીધું કબાટ ખોલી અને અંદરથી એક ભયંકર હથીયાર ઉપાડયું ઢોલ્યા આગળ આવી બોલ્યો. "ભાઇ હું આપ કને મારી ચાહું છું? માફ કરજો ભાઇ હું આપનો અપરાધી છું ગુનેહગાર છું હું જાઉં છું ભાઇ નમસ્તે!" તેની આંખમાં સરીતા વહેવા લાગી ચક્ષુ અશ્રુથી ભીંજાઇ ગયાં અને બહાર નીકળ્યો.

રસ્તે દોડવા લાગ્યો, વેરની વસુલાત માટે અંધ બન્યો, આંખે અંધારા આવ્યા મગજે તંમર આવવા લાગ્યા, રસ્તા પર કંઇ પણ દેખાતું ન્હોતું પત્થરની ઠોકર વાગી જમીન પર ચત્તો પાત પડયો, માથામાંથી લોહીની ધાર ચાલવા લાગી, ઉઠવાની શક્તિ ન રહી. 'વસંત ઉઠ? કોણ ઉઠાડતું હતું?............સુરેશ.

'કોણ સુરેશભાઈ?'

'હાં'

'માફ કરજો ભાઇ.'

'ચાલ ઘેરે ચાલ વસંત.

'નહિ ભાઇ મેં ઘેરે ન આવવાની પ્રતિજ્ઞા લીધી છે. તેથી હું આવીશ નહિ તમે જાવ ભાઈ જાવ!"

'પણ વસંત. તું કયાં જઇશ?'

"મારો ઇશ્વર છે, હું મારો નીર્વાહ કોઇપણ રીતે કરીશ. તેની તમારે ફીકર કરવી નહિ? ભાઈ જાવ, જાવો, જો જશો નહિ તો હું આપઘાત કરીશ! વસંતે ગળગળા કંઠે કહ્યું.

સુરેશ નીરાશ થઈ આખરે પાછો ફર્યો. ઘેર જઈ કબાટ ખોલ્લી જોઇ ખાનામાં પેલું હથીયાર નહોતું.

પ્રકરણ —૫ મું.

"બદમાસ મોહનલાલ હું વેરનો અને મારી સાથે વિશ્વાસઘાત કરવાનો બદલો જરૂર લઈશ, આ ઉદગારો વસંત બોલતો પાગળની માફક દોડતો જતો હતો, દુષ્ટચંડાળ તેં મારૂ સત્યાનાશ વાળ્યું છે. હું તારૂં ખુન કરીશ."

પણ તે ત્યાં પહોચતાંજ અવાચક થઇ સ્થંભી ગયો, તેણે શું જોયું? તેની આંખો તેને દગો દેતી હોય તેમ તે નીરખી રહ્યો, બગલીએ ચંચમા લીધો? કોને? મોહનલાલને જેના રૂપથી તે અંજાઈ ગયો હતો, જેને તે દેવી સમાન માનતો હતો, તે રંભા મોહનલાલ પર પોતાના મૃદુહસ્ત નાંખી પ્રેમ ચેષ્ટા કરી રહી હતી, જ્યારે મોહનલાલ તેણીના કોમળ હોઠોનું પાન કરી રહ્યો હતો.

'રંભા હું ન્હોતો કહેતો કે વસંત જરૂર જશે?' મોહને કહ્યું.

'હા, પણ સ્ત્રી ચરિત્ર કોધું, તોજ ને?' રંભાએ પુછ્યું.

'રંભા થોડા દીવસમાં વસંતનો હાલ પણ એના ભાઇ જેવો થશે!' મોહને હર્ષથી કહ્યું.

'મોહન?' રંભા અશ્ચર્ય પામીને બોલી.

'કેમ! ગભરાય છે શા માટે? જો તું કહેતી હોય તો આજને આજ એને મારી નાખું 'પણ?'

રંભાએ પુછ્યું. 'પણ શું?'

'પણ શું? પૈસા યાતો મારી જાગીરી ન મળે, એમજને?' વસંત જે સંતાઇને સાંભળતો હતો તેણે પ્રવેશ કરી રંભાનું અધુરૂં વાકય પુરૂં કરી કહયું.

'ઓહ, કોણ? વસંતરાય.' મોહનલાલે ભયથી જોયું. 'આવો. અંદર આવો?'

'નહિ વસંત નહિ બલ્કે તારો કાળ? પેલું હથયાર તાંકી વસંતે કહ્યું.

'વસંત જબા સમાલો?" મોહને કર્ક નજરે કહયું. અને વસંત પર ધસ્યો.

'ખબરદાર, અહીંથી પગ પણ ઉંચકયો તો? ન માનીશ તો રામ શરણ થઇશ!"

મોહનલાલે એક સીટી ફોડી જેથી તેના સાથી આવી લાગ્યા. વસંતને ઘેરી લઈ પેલું હથીયાર દાવપેચથી લઇ લીધું. અને વસંતને પકડી લીધો.

હથયાર વીહોણા વસંતનું કંઇ ચાલ્યું નહિ. વસંતને ગુપ્ત સ્થાને નજર કેદ કીધો!

બે ત્રણ દીવસ વીતી ગયા. આજે શોક સાગરમાં ડુબતા તે તેની કરણીને દોષ દેતો હતો.

તેવોજ મોહને પ્રવેશ કર્યો, અને કહયું. 'કેમ મી૦ વસંતરાય આનંદમાં તો છોને? તેં કરેલ કૃત્યનો પસ્તાવો કર. તો આનંદ થાય.' વસંતે કહ્યું.

'હા કરીશ...શશીકાન્ત, લોખંડનો સળીઓ ગરમ કર,' મોહનલાલે તેના સાથીને કહયું. શશીકાન્ત સળીઓ ગરમ કરવા ગયો.

કેમ હજુ સમજવું છે કે નહિ. ન સમજીશ તો યાદ રાખ કે લોખંડના સળીઆથી તારી આંખો ફોડી નાખીશ. મોહને કહ્યું.

'અરે ઓ ચોરના સરદાર, જે કરવું હોય તે કરજે પણ જબાં સંભાલીને બોલ, ભોળા લોકોને ભરમાંવી તારી જાળમાં ફસાવી તેને લુટી લેવામાં તું શું તારૂ કર્તવ્ય સમજે છે? અસમર્થોને ફસાવી સંસારમાથી નાબુદ કરવા સારૂ શું તેં રંભારૂપી જાળ પાંઠરી છે? તું ખરેખરો કોઇ લુટારો છે. લોકોને લુટી તું વૈભવ વીલાસ ભોગવવાને સમર્થ બને છે. પણ હું તારી એવી ધુરકીથી ડરનાર નથી.

'તને મારવો એજ મને યોગ્ય લાગે છે!'

'હા, એક વખત મરવું તો છેજ તો પછી તુજ જેવા પાપીનો સંગ કરી દુઃખી થવું અથવા તુજ જેવા પાપીને નમીને જીવતા રહેવું એના કરતાં તો મરવું સો દરજે બહેતર છે.

'બસ બહુ થયું. મુજ જેવા પાપીના સંગ કરતા મરવું બહેતર ગણતો હોય તો તને હમણાજ તારા ઇશ્વરને સરણે પોહચાડું છું!" ક્રોધાવેશમાં મોહનલાલે વસંતને મારવા સારૂ હથીયાર ઉપાડયું.

તેવોજ ખબરદાર કરીને એક અવાજ આવ્યો, એક વ્યકિત મોહનલાલ સમીપ આવી સવાઇ હથયાર તાકીને ઉભી રહી.

પ્રકરણ—૬ ઠું.

મોહન ક્ષણભર સ્થંભી ગયો.

'તું કોણ છે?' મોહનલાલે પુછ્યું.

'હું કોણ છું?' તારો કાળ યમદંડ, તે બુરખાધારી વ્યક્તિ અનહદ હસ્તા બોલી.

'પરંતુ તું કોણ છો?'

'તને એક વેળા ઓળખાણ આપી કે હું યમદંડ છું છતાં ન ઓળખી શકતો હોય તો લે ઓળખ એમ કહી તે વ્યક્તિએ બુરખો કાઢી નાખ્યો.

'કોણ રંભા? મોહન દીગમુઢ થઈ આશ્ચર્ય પામતા બોલ્યો 'રંભા તું શું કરી રહી છો? તને આમ કરવાનું કારણ શું?'

'કારણ એજ કે, હું પ્રેમીકા બની હતી પણ મેં પ્રેમીની પુંજા કરી ન્હોતી તેથી આજ પુંજા કરવા આવી છું માટે નિર્ભયથી પુંજા કરવા દો.'

'ઓહો! પુંજા કરવા કે કાળના મુખમાં જવા આવી છે? રંભા જીવવાની આશા રાખતી હોય તો આવી જીજ્ઞાસા મુકી ચાલી જા, નહિ તો તું પણ વસંત સાથે યમયાત્રાને પામીશ.' એમ બોલી મોહનલાલે તેના સાથીઓને બોલાવવા સીટી વગાડી પણ કોઈ આવ્યું નહી, તેથી મોહન ભય પામી સજડ થઈ ગયો.

"અંહ. શું સાથીઓને બોલાવે છે? બોલાવ ક્યાં છે? તારા સાથીઓ! તેઓ તુજ આજ્ઞાને નહિ પણ મારી આજ્ઞાને સ્વાધીન છે, અને અત્યારે તેઓ અત્યાચારી નહિ પણ સદાચારી થયા છે. તેઓને ઇશ્વરની સત્તાનું ભાન થયું છે, જો જોવું હોય તો બોલાવું છું!' એમ કહી રંભાએ સૌને બોલાવ્યા, તેઓને આવતા જોઈ મોહનલાલ આભોજ બની ગયો, તેઓમાંથી તેણે એક જણાને કહ્યું. 'શશીકાન્ત તને શું સુજ પડયું?' પણ કંઇ જવાબ મળ્યો નહિ મોહન નાસી જવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પણ ફાવી શકયો નહિ.

'હવે જઇશ કયાં? રંભાએ તેના હાથમાંથી હથયાર લઇ લીધું અને તેને પકડી બંધન કીધો.

'કેમ વસંતની જાગીરી જોઇએ છે કે પછી બળીદાન આપવું છે?' રંભા પુનઃ હસીને બોલી, 'હજુ ઇશ્વરની સત્તાની ખાત્રી થઇ કે નહિ?'

'કોણ ઇશ્વર અને કયા રહે છે ? તારોજ ઇશ્વર હોત તો તને મુજ જેવા બદમાસના પંજામાં શા માટે આવવા દેત ?'

'તુંજ પંજામાં સપડાવનાર ઇશ્વર નહિ પણ સમાજ છે. મારે માટે જવાબદાર સમાજ છે. સમાજેજ મને સળગતી ચેહમાં નાંખી છે. સમાજ અને રૂઢી ચુસ્ત મુજ કાકો મને વયોવૃદ્ધ સાથ પરણાવવા તૈયાર થયા ન હોત તો હું તુજ જેવા દુષ્ટનો સંગ કદી કરત નહિ. પણ સમાજથી બચવા હું તું જેવા બદમાસના પ્રેમમાં ભોળપણે ફસાઇ ગઇ હતી. પણ હમણા ઇશ્વરે મારી સાહાતા કીધી છે. આ પગલું મેં તેથીજ ભર્યું છે, આમ બોલી રંભાએ ચપ્પુનો છુટથી ઘા કર્યો, તેણીનો ઉગામેલો ઘા મોહનને સચોત લાગ્યો કે નહિ તે જોવા ન પામી. પોતે પોલીશને સ્વાધીન થવા ગઇ.

પ્રકરણ—૭ મું.

'ખુન, ખુન,' ના શબ્દો અથડાતા પવનની મીસાલ પોલીસ કોર્ટમાં પહોંચ્યા.

પોલીશની ટુકડી તે મકાનના પહેલે મજલે આવી તપાસ શરૂ કીધી પણ રૂમોની અંદર કોઇ પણ માણુસ માલમ પડયું નહિ, આખરે એક અંધારી કોટડી જે ગુપ્ત હતી તેનું દ્વાર ખુલ્લું માલમ પડયું, પોલીશે ગુપ્ત રૂમમાં પ્રવેશ કીધો, ત્યાં એક લાશ અને એક યુવક મુર્છાવશ પડયા હતા અને મુર્છા પામેલ યુવકની બાજુમાં કારી હથીયાર પડેલું હતું તેથી પોલીશે તેને આરોપી જાણ્યો. થોડી વારે તે યુવકની મુર્છા વળી, પોલીશને જોઇને તે યુવક વીસ્મ પામ્યો. અહી શું છે તે અવલોકન તે કરી શકયો નહિ, વાંચક તે યુવકો બીજા કોઇ નહિ પણ વસંતરાય અને પડેલી તે મોહનલાલની લાશ હતી. વસંતને ખુનના આરોપસર કોર્ટમાં ઉભો કીધો.

'તમારૂં નામ શું ? ન્યાયાધીસે વસંતને પુછયું.'

'વસંતરાય જગદીશચંદ્ર પટેલ.'

'હં તો શું મી. મોહનલાલ તમારો સગો થાય છે ?'

'જી નહિ સગો નહિ' અત્રે જવાબદાર વસંતે પોતાને સર્વ વીતેલી વાત સમરયામાં ટુંકમાં સમજાવી.

'ભાવાર્થ શું ?'

'તો શું મરનાર તમારો મિત્ર થાય છે ?'

'જી હા.'

'મોહનલાલના ખુંનનાં બારામાં તમે કંઇ જાણો છો ! ન્યાયાધીસે મુળ વાત પર આવી પ્રશ્ન કીધો.

'નહિં, વસંતે નીર્ભયપણે જવાબ આપ્યો.

'મોહનલાલનું ખુંન થયું ત્યારે તમે કયાં હતા !'

'નજર કેદ.

'નજર કેદ ? શા માટે નજર કેદ હતા ?'

'એનો ભેદ ઇશ્વરી ન્યાય આપશે, એ કહેવાનું બળ મારી વાણીમાં નથી.'

'તો શું તમે એમ કહેવા માંગો છો કે ખુંન થયું ત્યારે તમે ત્યાં ન હતા ?'

'હતો. પણ ખુંન શી રીતે થયું ? તેનો ભેદ હું જાણતો નથી.'

'કોર્ટના સભ્યો સમક્ષ જજે કહ્યું કે એ પોતાના બચાવ માટે આ બધું બોલી રહ્યો છે. હું ખુંનના આરોપ માટે ગુનેહગાર ઠેરવી એને મોતની સજા કરૂં છું.' આ શબ્દો સાંભળી ત્યાં એક અવાજ આવ્યો.

'હું ખુંની છું, ખુંન મેં કીધું છે ! મને સજા કરો, મને ફાંસી આપો, ગુનેહગાર હું છું.' એમ બોલતી એક યુવતી કચેરીમાં પ્રવેશી, કોર્ટના સભ્યો તેણીને જોઇ વીસ્મય પામ્યા સભ્યો વીટંબણાંમાં પડયા.

એ બાળાની ઉંમર ઓગણીશ વીસની લાગતી હતી તેનામાં અનેરૂં આકર્ષણ લાગતું હતું. લાંબો અંબોડો તેજસ્વી પલકારા મારતા મોહક નયનો, ગુલાબી ગાલ, શ્વેત તેજસ્વી લલાટ પર સુંદર (પાડેલું છીદ્ર) એ સૌન્દર્યની મહારાણીને જોઇ બધા વીચારવા લાગ્યા. શું એ ખુંન કરે ! એને ખુંન કરવાનું કારણ શું ? એ બનવુંજ અશકય છે.

તેણી અંદર આવી ફરી ઉપર પ્રમાણે બોલી.

'એને છોડી દો. મને ફાંસી આપો, યા તો જેલમાં રીબાવી રીબાવીને મારો પણ આ યુવકને છોડી દો. ખુંન એણે નથી કીધું !'

'એને આરોપીના પીંજરાંમાં ઉભી કરો,' જજે હુકમ કીધો એટલે તેણીને પીંજરાંમાં ઉભી કીધી.

'તમારૂં શું નામ છે ? જજે પ્રશ્ન કીધો.

'જી, રંભા.'

'તમે મરનારને ઓળખો છો ?

'હા, ઓળખું છું અને એનું ખુંન કરનાર પણ હુંજ છું.'

'તો શું આ યુવક નીર્દોશ છે ?'

'જી હા, એ નીર્દોશજ છે.'

'એને તમે ઓળખો છો ?'

'હા, ઓળખું છું અને એની આ સ્તીથી કરનાર પણ હુંજ છું.''

'નહિ, એ નહિ, પણ મરનાર છે. મને ફસાવનાર મરનારજ છે.' વસંત વચ્ચેજ બોલ્યો. એ અત્યારે ગાંડાની માફક લાગતો હતો.

'સાઇલંશ,' સભામાંથી અવાજ આવ્યો, 'વચ્ચે બોલવા તને અધિકાર નથી.' વસંત મૌન રહ્યો.

'હં તો તમારે ખુન કરવાનું પ્રયોજન શું? ન્યાયધીસ મુળ વીષય પર આવ્યા

'વેરની વસુલાત માટે.'

શાની વસુલાત? અને વેર કેવું?'

અત્રે ન્યાયધીશ સમક્ષ રંભાએ પોતાની કહાણી કહી તે બહુ લંબાણ હોવાથી તેની પેલા પ્રકરણથી વાર્તા રૂપેજ દશાર્વવું વાજબી વીચારયું છે.

પ્રકરણ—૮ મું.

પુષ્પા એક ગામડાની ગોરી જેવી હતી તેણીના માત પીતા બાલ્યા-વસ્થામાં તજી કાયમના ભર નીંદ્રામાં પોઢી ગયા હતાં. તેથી તેણી પોતાના કાકા સાથે રહેતી હતી, શશીકાન્ત અને પુષ્પા બાળ મિત્રો હતા, તેઓ નાનપણથીજ એક બીજાને ચાહવા સીખ્યાં હતાં બન્ને એકજ સ્કુલે અભ્યાસ કરતાં હતાં, સ્કુલેથી છુટી મળતી તે પછી પુષ્પાને કંઈ કામ હોય તે કરીને શશીકાન્ત સાથે રમવા નાશી જતી રજાને દીવસે તો ખાવાની પરવા પણ તેઓ કરતા ન્હોતાં. પણ હવે પુષ્પાએ સ્કુલ છોડી હતી.

પુષ્પા. સુંદર ઉગતી કળી મટી કોમળ કમળના ફુલની માફક દીન પર દીન ખીલવા લાગી, ધીરે ધીરે યોવન સ્પર્શ થયું, અને કામ દેવના શર એના પર સંધાવા લાગ્યા. અર્થાત પુષ્પા બાળા મટી નવયોવન મુગ્ધા થઇ, તેણી હજારો યુવકોને આકર્ષાવે તેવા યૌવનની બ્હારમાં ખીલવા લાગી, કેટલાક યુવાનો મીટ તેણીની સામે બપ્પકો બતાવી આકર્ષાવવા પ્રયત્ન કરતા, પણ તેણી કોઇને મીટ માંડી જોતી ન હતી. તેણી ચાહતી તો ફકત શશીકાન્તનેજ, શશી સાથે પરણી સુખી થવાના અનેક સ્વપ્ના પણ હવે તેણીના સેવેલા સ્વપ્ના સમુંદ્રનાં મોજાં સાથે મળી ગયા.

સમાજના સભ્યો તેના તરફ આંગળી ચીંધી જોતા થયાં. છતા તે કોઈની પરવા કરતી ન્હોતી, સમાજને ઠોકર મારીને પણ પોતાનો રાહ સરળ થશે એવી આશા હજારો નીરાશામાં પણ તેણી કયાંક છુપાયેલી જોતી હતી.

શશીકાન્તની માતા તેને નાનો મુકી. સ્વર્ગભુવને પહોંચી ગઇ હતી. તેનો જીવન દીપક તેનો પીતા હતો. એ ખરા જીવન દીપકને ભાવિ જોઇ ન શકી. તેને બુઝાવવા તેણે પગલા લીધાં.

કેટલાક દીવસથી શશીકાન્તનો પીતા રાધુ મરણની પથારીએ પડયો હતો શશીકાન્તે સ્કુલમાંથી રજા કઢાવી પીતાની સેવામાં હાજર રહેતો. આજે શશી ડૉકટર પાસે દવા લેવા જતો હતો તેને પુષ્પા રસ્તામાં મળી હતી.

'વાર પુષ્પા હું જાઉં ?' એમ કહી દવા લઇને ઘેર આવ્યો.

શશીનો પીતા સારો થયો. લાકડીના ટેકે ચાલવા લાગ્યો.

શશીએ નિશાળે જવું શરૂં કીધું. પણ જ્યાં ભાવિજ વેરણ થાય તો પછી પુછવુંજ શું ? રાધુ પાછો ફેરવાઇ ગયો, નીમોન્યા લાગુ પડ્યો.

બીચારો શશી નીરાશ થઈ ઘેર આવ્યો, તે નીરાશ વદને પીતાના ખાટલા પાસે આવ્યો.

'શશી તું ઉદાશ કેમ લાગે છે ? વારૂ જા, શશી, તારા ભગુ કાકાને બોલાવી લાવ. મારે તેને મળવું છે શશીકાન્ત ભગુને બોલાવા ગયો, શશી અને ભગુ ઘરમાં પ્રવેશ્યા બન્ને પ્રવેશતાંજ ચકિત થઇ સ્થંભ્યા. તેઓએ રાઘુને પાણીના મટકા આગળ પડેલો જોયો, માંથામાંથી લોહી નીકળતું હતું બન્નેએ તેને ઉંચકી ખાટલા પર નાંખ્યો, શ્વાસ ચાલતો હતો તે તો ક્યારનોએ રામદુવારે પહોંચ્યો હોત પણ શશીની સોંપણુ ભગુને કરવા માટેજ હજુ જીવતો હતો.

ભગુ તું આવ્યો ? રાઘુએ સુદ્ધીમાં આવી પુછ્યું.

'હાં ભાઇ પણ તમે પડી શી રીતે ગયા ?

'મને તરસ લાગી હતી તેથી હું મહામહેનતે પાણી પીવા ઉઠયો પણ પગ લથડવાથી પડી ગયો. આગળ બોલવા પ્રયત્ન કરતો હતો પણ હાંસો થઇ આવ્યો, ખોં......થા...હા ખાં...'બેટા શશી હાથ લાવ, ભગુ અને શશીના હસ્ત મેળાપ કરી કંઇ કહેવા જતો હતો, "ભગુ શશીને...આગળ જીભ ન વધી, જીભ ખંચાતી હતી, તે અશ્રુભીની આંખે ભગુ અને શશી તરફ જોઇ રહ્યો. એવામાં એક પવનની લેરના જોસથી ત્યાંના દીપકને સચેત કીધો.

'બાપુ ! શશીએ ખાટલા નજદીક આવી પોકાર્યું...પણ બાપુ...ક્યાં...? તેનો જીવન દીપક તો નાના દીપક સાથે બુઝાઇ ગયો હતો. એ નાનો દીપક તો સચેત થયો પણ રાઘુનો લાઈફ લેમ્પ તો ઇશ્વરના શરણે ગયો.

'બાપુ; શશીથી ચીસ નખાઈ ગઇ.' તમે બોલતા કેમ નથી ! 'ભગુ કાકા...બાપુ...બોલતા કેમ નથી ?' તેણે ભારી સાદે પુછ્યું.

'શશી એ...તો...ઓ...' ભગુ અચકાઈ ગયો.

'કહો કાકા' !

'એ તો આપણને છોડી ચાલી ગયા.'

'અરેરે હું નિરાધાર ક્યાં જઈશ ?' શશી સાવ ગાંડા સરખો થઈ પોતાનું માંથું અને છાતી કુટતો હૈયાફાટ રડવા લાગ્યો.

મ્હોલ્લાના લોકોએ તેને જેમ તેમ સમજાવી. રાઘુના શબને અગ્નીદાહ કરાવ્યો.

પ્રકરણ—૯ મું.

શશીકાન્તના પીતાને સ્વર્ગવાસ થયાને એક વર્ષ પસાર થઈ ગયું. તેનું ચીત વીલાયપરથી ઉઠી ગયું. તેથી તેણે સ્કુલ છોડી દીધી અને નોકરીની તલાસમાં ભટકતો પણ કંઇ પત્તો ન લાગ્યો, તેણે નોકરી માટે અરજી કીધી. તેની માસીબાનું કાગળ આવ્યું; તેણી લખતી હતી કે રમેશના લગન રાખ્યા છે, અને લગન બહુ ઢુકડા આવેલ છે, માટે આ કાગળ મળે કે તરત તે દીવસેજ આવજે. ઘરની સોંપણુ કરવા માટે તે તૈયાર થઇને પુષ્પાના કાકા પાસે આવ્યો.

'ભગુ કાકા જરા ઘર તરફ જોતા રહેજો ?"

'ક્યા જાવ છો ?' પુષ્પાએ વચ્ચે પ્રશ્ન કીધો.'

'મસીઆય ભાઇના લગનમાં.'

'જતી વખતે કહેવા આવ્યા તે બે દીવસ આગળથી કેમ ન કહ્યું ?

'પણુ કાગળ તો આજે સવારેજ આવ્યું ?

'શશી અરજીનો જવાબ આવ્યો કે નહિ ? ભગુએ વાત ફેરવતા બન્નેની વચ્ચે ઉમેર્યું'.

'હજુ આવ્યો નથી પણ હું લગનમાંથી આવ્યા પછી મંગાવીશ શશીએ પ્રત્યુત્તર આપ્યો.

'ક્યારે આવશો ? પુષ્પાએ મુળ વાતપર આવતા પુછ્યું.

'છ સાતેક દીવસ લાગશે' શશીએ પુષ્પાનો પ્રત્યુત્તર આપ્યો. વારૂ જાઉં છું ! કાકા રામરામ.

'હા રામરામ ભઈ જલ્દીથી આવતા રહેજો હો !' ભગુએ સંમતી દરશાવી.

'બાપુ હું સ્ટેશને જાઉં ?' પુષ્પાએ ભગુ પાસે શશી સાથે સ્ટેશને જવા આગ્ના માંગી તેણીના માત પીતા જ્યારથી દેવલોક થયા ત્યારથી તેણી ભગુને બાપુ કહી સંબોધતી.

'હા જા, પણુ જલ્લદીથી આવતી રહેજે પાણી ભરવા જવાનું છે' જવા દેવાની ઇચ્છા ન હતી છતા અનઇચ્છાએ હા કહેવું પડ્યું, તે જાણુતો હતો કે જો ના કહીશ તો તેણીને ઉમંગને બદલે ઓછું આવશે. તેણી આટલી મોટી થઈ પણ તેણે તેણીને કોઈ દીવસ દુંકારો કર્યો ન હતો.

શશી અને પુષ્પા સ્ટેશને આવ્યાં.

'પુષ્પા બહુ વીચાર કરીશ નહિ; ન ગમે તો કામ કરવા મંડી જજે. કોઈ સખીને શોધી તેની સાથે હળતા મળતા થવા સ્વભાવને કેળવજે હો!' શશીએ ટ્રેનમાં બેસી શીખામણ આપી.

પુષ્પાએ તેના અમૃત સમ શબ્દોને પોતાના કોમળ હ્રદયમાં કોતરી રાખ્યા.

'શશીકાન્ત વહેલા આવતા રહેજો હો? નહિ તો તમો વીણુ મને શીખવશે કોણ?'

'મંગી છે ને? હું આવું ત્યાં સુધી તે શીખવશે? મ્હારાથી તેણી ક્યા કાચી છે?'

'પણ તેને શીખવતા આવડેજ ક્યા છે?' તે તેણીની કીંમત આંકતા બોલી.

'તો પછી તું પોતેજ થોડા દીવસ અભ્યાસ કરજે ને?' ટ્રેન ઉપડી; શશી આવજો; પુષ્પાના મુખથી છેલ્લા ઉદગારો સરી પડયા.

'વારૂ જા પુષ્પા!'

'પુષ્પા શશીને મુકી ઘેરે આવી ત્રણ ચાર દીવસ પાછા ગયા, આજે તેણીના કાકા કાકી યાત્રાજાત્રા જવા માટે તૈયાર થયાં.

'પુષ્પા' ભગુએ તેણી રસોડામાં રાંધતી હતી ત્યાંથી બોલાવી, "અહિંઆ આવ.'

"શું કહો છો બાપુ?" તેણીએ રસોડાં બ્હાર આવી પુછ્યું.

"બેટા હું તથા તારી કાકી ગાય પગલાની જાત્રામાં જઈએ છે, ઘરની સંભાળ બરાબર રાખજે હો? હમો થોડા દીવસમાં આવતા રહીશું.

'વારૂ જાવ ઘરની ફીકર માં કરતા હું સારી પેઠે સંભાળીશ.' તેણીનું મન તો કહેતું હતું કે મને પણ લઇ જાવને? પણ વીવેકે તેણીએ કહ્યું, નહિ, વડીલોની આજ્ઞા તે લોપાય કે? વળી જેના માતપીતા નહિ. તેને મેળો કે જાત્રા કેવી; 'આજે માત પીતા હોત તો તેઓની પહેલાં ન તૈયાર થાત?" કાકાનો પણ ઘણો ઉપકાર છે જેણે બચ્ચપણથી પાળી પોશી મોટી કીધી તેના સામું કેમ બોલાય?

પ્રકરણ—૧૦ મું.

પ્રભુને યાત્રા ગયાને દીવસો વહી ગયા આજે શશીનો વળતો આવવાનો વાયદો હતો, પુષ્પા લાંબી નજરે શશીની રાહ આંખ ફાડી ફાડીને જોતી હતી પણ શશીનો તો કંઈ પત્તોજ નથી.

પુષ્પા તેના વાયદા ઉપરાંત એક દીવસ વધુ જતો રહ્યો છતાં શશીના પગલાં ન સંભળાતાં તેણી વીહવળ બની. 'શશી આવ્યો કેમ ન હશે? આમ તેણી મનમાં પટપટતી. જેમ તેમ દીવસ અને રાત્રી પસાર કીધા, વાયદાનો બીજો દીન ઉગ્યો.

"આજે તો શશી જરૂર આવશે??" આજે તેણીને વીશ્વાસ શશી આવવાનો પાક્કો હતો.

આમ તેણી વારે ઘડીએ વીચારમાં ગુંથાતી. નવનો સુમાર થયો, તેણી ઘરમાં કામ કરવા લાગી પણ કામ પર ચિત્ત ચોંટયું નહિ. તેથી ઘરમાં આમ તેમ આંટા મારવા લાગી. છતાં ચેન પડયુંજ નહિ અંતે દેવીશ્રી નીંદ્રા પ્રસન્ન થયા. તેથી પુષ્પા ખાટલા પર લોટી ગઈ જોત જોતામાં તો તેણી ભર નીંદ્રામાં પડી ગઇ અને સ્વપ્ન સૃષ્ટિમાં ચાલી ગઇ તે સ્વપ્નું નીચે મુજબ હતુ:—

એક સુંદર સવાર હતી તેજ વખતે એક પન્યારી કાખમાં ઘડો ને માથે ગાગર લઈ જળ ભરવા જતી હતી. તેણીના ગુલાબી ગાલનું પાન સુર્યદેવના કીરણો કરી રહ્યા હતા. તેણીના મુખથી એક સુંદર ગાયન ગુંજી રહ્યું હતું.

"એ પન્યારી કયા જાય છે?" એક યુવકે તેણીને રોકી. "દાણ આપ્યા વીના આ માર્ગે જવાશે નહી."

"શેનું દાણ? આપ કોણ છો?"

"હું અહીંનો વનરાજ છું. કોઇને હું દાણ લીધા વગર જવા દેતો નથી."

"અરે વાહરે ચોરના ભાઇ ઘંટી ચોર! અહીંના વનરાજની તો હું ભગીની થાઉ છું ને વળી બીજા વનરાજ તમે કયાંથી આવ્યા? તમે કેવો દોર કરશો તે કંઇ ચાલવાનું છે. માટે તમે અહીં જેટલા સમયથી રહો છો. તેના દાણના બદલ ભુમીનું ભાડું આપો!"

"હવે એ સફાઇ રહેવા દે અને દાણ આપીને ચાલતી થા. દાણ લીધા વીના હું તને છોડનાર નથી એમ કહી તે યુવકે તેણીનું પોંચુ પકડયું,

"હાથ છોડો નહિ તો પછી ભાષણ સાંભળશો! એમ કહી તેણીએ એક લહેકો કીધો.

"ભલે તારા શબ્દોને માન આપું છું પણ દાણ તો લઇશજ. "એમ બોલી હાથ મુકીને પાલવ પકડયો.

ગાયન.

પુ—જાવા દો ભરવા જળ વન મોરારીરે,
શ—દઇ દાણ પછી તું જાને વ્રજ નારીરે.
પુ—જવા દો મુજને ચીર ફાટે છે મારો ચીર,
શ—ભલે ચીર ફાટે પન્યારી મહીયારી પણ
ન છોડુ દાણ.
પુ—વન મોરારીરે,
શ—વ્રજ નારીરે.

"ચીર મુકો? હું તો તમારી ભગીની સમ છું.

"કોની ભગીની? હું તો તને ઓળખતો પણ નથી."

"હા હું ભગીનીજ છું બેન પાસેથી તે દાણ લેવાય."

"નહિ પુષ્પા, દેવલોક આકાશ માર્ગે આવી જોઇને આપણી મશ્કરી કરે છે માટે બંધન રૂપી પ્રેમનું ટિલક કર."

"નહિ શશી મને જવા દે કોઇ જોશે તો તેઓ શું ધારશે?"

"તેઓ ધારશે કે પ્રેમ પંખીડા કુવાને ટોળે પ્રેમનું ગાન કરી રહ્યા છે. પુષ્પા તુજ પ્રત્યે મારી એજ ઇચ્છા છે કે તું દેવી થઇ મને પ્રસન્ન થા અને સ્નેહ લગ્નનું વરદાન આપ. "તેની વાણીમાં દર્દ હતું તે ગદગદ કંઠે પુષ્પાને વીનવી રહ્યો હતો.

"હું વાદળી રૂપી નીરાશામાં ઘેરાઇ રહયો છું. તેમાંથી મારી મુજવણ કોઈ કાઢનાર નથી. માટે મારી પ્રત્યે રહેમ લાવ?"

"પણ શશી મારામાં એટલી શક્તિ નથી. કે તે વાદળીને હું દુર કરી શકું."

"તો શું તું આપણો પહેલાનો પ્રેમ ભુલી ગઇ? પુષ્પા હું તને આશાના કુંપમાં મારા કુળની કુળ વધુ પુષ્પની વૃષ્ટિ વરસાવનાર એક દેવી જોતો હતો. પણ તેં તે કુંપને લાત મારી ફોડી નાંખ્યો. "શું તારા કઠોર હૃદયમાં મને પ્રેમ કરવાની ઇચ્છા જરા પણ નથી?"

"છે પણ લોકલાજને લોપવું મને ઉચીત લાગતું નથી."

"તો હું આપઘાતઃ નહિ તો દેશ ત્યાગ કરીશ !"

"તેમા મારે શું !" પુષ્પાએ નફ્ટાઇથી જવાબ આપ્યો.

"મારા પ્રત્યે તને લાગણી નથી ?"

"છે પણ કરવું શું ?" મેં પહેલેથીજ કહ્યુંને ? કે મર્યાદાને લોપવું મને યોગ્ય લાગતું નથી.

"વારૂ તો જાઉં છું પુષ્પા નમસ્તે ?

"હા નમસ્તે પધારો."

પ્રકરણ—૧૧ મું.

શશીને પુષ્પાનું વર્તન બેવફાઇને બેદરકારી ભર્યું લાગ્યું. તે ત્યાંથી ચાલી ગયો પુષ્પાથી તે દુર થવા દુર પંથે જવા લાગ્યો. પુષ્પા તેને જતો જોઈ ન શકી. તેણીનું હૈયું ભરાઇ આવ્યું તેણી શશીકાન્તની પાછળ દોડવા લાગી.

"શશી ના જાવ ?" પુષ્પા વીનવતા બોલી.

"પુષ્પા પાછી વળ ! તું બેવફા છે. મને ત્હારો પ્રેમ નથી જોઇતો તને પ્રેમ કરતાં આવડતું નથી. પ્રેમ તારે મન જુગાર છે." આ છેલ્લા શબ્દોમાં કર્કશતા અને ભયંકરતા હતી. તે પુષ્પાથી સહન ન થયું.

"નહિ શશી મને માફ કરો હું આપના ચરણની રજ છું." તેણી ભય પામી ને શશી પાસે ક્ષમા માંગતી હતી. "શશી મારી ભુલ થઇ અને હવે ભુલનું ફળ મળી ચુકયું છે.

પણ શશી કયાં ? તે તો દુર દુરના જંગલો વીતાવતો અદ્રષ્ય થયો. પુષ્પા પોતે કયાં જતી હતી તે તેણીને ભાન રહ્યું નહી.

તેને તો શશીના છેલ્લા શબ્દોએ ભાન વીહોણી કરી મુકી તેણી મનને પુછવા લાગી. "શું હું બેવફા છું ?"

"હા બેવફા છે..."

તેણીના હાથમાંથી પાણીના વાસણ નીચે પડી ગયાં. ધરરર......કઈ અવાજ આવ્યો તેણી ઉંઘમાંથી જાગી ઉઠી જાગૃત થતાં પણ ભય પામી. "કોઈ બારણું ઠોકતું હતું. તેથી તેણીનું લોહી જોરથી વહેવા લાગ્યું, હૃદયના ધબકારાનો વેગ વૃદ્ધી પામતો ગયો તેણીએ પુનઃ પોતાના

નયન બંધ કીધાં, "ફરી દ્વાર પર ટકોરા પડ્યા અને અવાજ આવ્યો દ્વાર ખોલો તેણી કલ્પિ શકી નહી કે કોણ હશે."

"લખુ કાકા," બારણું ખોલો.

પુષ્પા મનને દ્રઢ કરી ધીમે પગે બારણા આગળ આવીને બારણું ખોલ્યું બારણું ખોલતા તેણી આશ્ચર્ય ચકતી થઇ બોલી, "શશી તમે અહી કયાંથી ?" તેણીની રંગે રગમાં ધ્રુજારીએ પ્રવેશ કીધો હતો.

"પુષ્પા તું બેબાકળી કેમ બની ગઇ છો ? શશીએ અચંબો પામી પુછ્યું.

હું લગનમાં ગયો હતો ત્યાંથી આવ્યો છું પણ તારા કાકા કાકી કયાં છે ?

"તેઓ તો ચૈત્રી યાત્રાએ ગયાં છે."

"તું ભય પામેલ કેમ છે ?'

મને સ્વપ્ન આવ્યું."

"તેથી ડરી જવાનું કેમ ? સ્વપ્ન તો હરકોઇને આવે છે, તેથી શું તેઓ તારી માફક આમ કરે છે ?'

"પરંતુ તમે મને તજીને દુર દુર જતા રહેતા હતા.

"તું તો ગાંડીને ગાંડીજ રહી, સ્વપ્ન તે સાચુ હોય ખરૂં કે ? એમ તો મને પણ સ્વપ્ન આવ્યું હતું.

" કેવું આવ્યું હતું ? પુષ્પાએ પુછ્યું."

" ત્હારો કાકો તને વયોવૃદ્ધ સાથે પરણાવવા તૈયાર થયો પણ તું ઇન્કાર કરે છે. ત્યારપછી તું એક મુંબઇના રહીશ યુવક સાથે પ્રેમમાં પડે છે તે તને લગ્ન બંધનનું વચન આપી મુંબઇ લઇ જાય છે. તે યુવકને હું ઓળખું છું. હું જ્યારે મારા પીતાજી સાથે મુંબઇ દીપાવલી ઉત્સવ જોવા ગયો હતો ત્યારે હમે પીતાજીના મિત્રને ત્યાં રહયા હતા જ્યાં તે યુવક સાથે મને પરીચય થયો હતો. પણ તારી ઉપર કંઇ અણધારી વિપત્ત આવે છે તે શું હતી તે મને સમજ પડી નહિ. આજ મારૂં સ્વપ્નું હતું." આ સ્વપ્નું આવ્યુ તેથી હું જલદીથી આવતો રહ્યો. માસીમાએ તો બહુ કાલાવાલા કર્યા પણ સ્વપ્નના ભયથી હું આવતો રહ્યો.

પ્રકરણ—૧૨ મું.

પુષ્પા નીસદીન નીરાશા સેવવા લાગી તેણી મનને પુછતી કે "શશીકાન્ત કેમ ન આવતો હશે? પણ ના—ના એ બનવુંજ અશક્ય છે," ત્યારે શું માંદો હશે? ગમે તે હોય પણ આજ તો હું જઇને પુછી આવીશ, એમ તેણી પોતાના મન સાથે સંકલ્પ કરતી પણ તે બીચારી ને શું ખબર છે કે પોતાના પ્રીતમ ઉપર શું વીતી રહી છે, પુષ્પા શશીને ત્યાં ગઇ પણ પુછવા માટે જીભે મના કીધી.

આમ કેટલાક દીવસ પસાર થયા, શશીકાન્તનું મન કહેતું કે "હું પુષ્પાને અંહી આવવા માટે ના કહું કારણકે તેણીનો કાકો જાણશે તો ઠપકો આપશે, પણ કહીશ તો પુષ્પાને દુઃખ થશે, ત્યારે કરવું શું?" પાછો વીચાર આવતો. "આજ તો તેણી આવશે ત્યારે જરૂર કહીશ પણ જ્યારે પુષ્પા આવતી કે શશીની જીભ ઉપડતી ન હતી."

આજે અખાત્રીજ હતી લોકો હરેક રીતનું મુહૂર્ત કરવા જતા હતા કારણકે આજે જોષ વીનાનું મુહૂર્ત હતું. આજે પુષ્પા શોળે શણગાર સજી હાથમાં પીત્તળના થાળ તથા કંકાવટી અને શેરનો બીજો અનેક સામાન લઇ પ્રેમ પુંજાનુ મુહૂર્ત કરવા શશીને ત્યાં જતી હતી, તેણીએ શશીનું બારણું ઠોક્યું.

"કોણ છો? બારણું ખોલીને અંદર આવો" ઘરમાંથી શશીકાન્તે કહ્યું, પુષ્પાએ બારણું ખોલ્યું અને ત્યાં ઉભી રહી.

"આવ પુષ્પા! જાણે ભગીની ભ્રાંતને રક્ષા બંધન કરવા જતી હોય તેમ સોળે શણગાર સજીને ક્યાં જાય છે? પુષ્પા! આજ બળેવ નહિ પણ અક્ષય તૃતિયા છે." શશીકાન્તે પુષ્પાને બારણા આગળ ઉભી રહેલી જોઇ કહ્યું.

પણ પુષ્પાનું હ્રદય આ શબ્દોથી ચીરાઇ ગયું, તેણી કંઇ પણ બોલી શકી નહિ, હાથમાંથી સેશ કંપેલી થાળ નીચે પડી ગઇ, શશી આ બનાવથી વીચારે ચઢ્યો તે તેણીના મનનો ભાવ સમજી ગયો.

"પુષ્પા આમ થવાનું કારણ શું?"

"શશી તમે મારા નાવને સમુદ્રમાં હડશેલી મુક્યું એક વખત પ્યારી કહો શશી!"

"નહિ પુષ્પા એ બનવું અશક્ય છે," કહી મુખેથી બ્હેન તેને બીજુ કંઈ કહેવાતું નથી, દીધું વીપ્રને દાન તે પાછું લેવાતું નથી. માટે પુષ્પા મેં તને બેન કહી એટલે તારે મને ભાઈ માનવોજ જોઈએ" શશીએ એકાક્ષરી રીતે જવાબ આપ્યો.

"શું મ્હોથી બેન કહી એટલે પાપ લાગે છે? કદી નહિ, એક વખત પ્યારી કહીને બોલાવો શશી?

"પ્યારી બ્હેન પુષ્પા!"

"નહિ, શશી સ્વપ્નામાં તમે મને કહ્યું હતું કે દેવલોક આપણી મશ્કરી કરે છે માટે પુષ્પા મને પ્રેમથી લગ્ન બંધનનું તિલક કર. શશી, હું આજે તેથીજ આવી હતી, પુષ્પાએ સ્વપ્નની વાત કરતા કહ્યું."

"પણ પુષ્પા તે તો સ્વપ્નું હતું. "હું ગરીબ છું, કંગાલ છું, નીર્ધન છું, બદમાસ અને સાથે સાથે લુચ્ચો પણ છું, માટે તું મારો સંગ માં કર, તું દુઃખી જીગરને ન દમ."

"શશી તમે ધનવાન હો કે પછી નીર્ધન હો, પણ હું આપને મન મંદીરનો દેવ માની હર હમેશ પુંજા કરીશ મારે મન આપ લખ્ખો તો શું? પણ આબજો પતી છો"

"પુષ્પા! તારો સેવેલ સ્વપ્નો એક વરસતી વાદળી તુલ્ય છે, આપણો સ્નેહ તારો કાકો તથા સમાજ જોવા ઇચ્છતા નથી." શશીની જીભ કહેવા ઉપડતી ન હતી છતા અનઇચ્છાએ દુઃખી જીગરથી કહી નાખ્યુ, "પુષ્પા તું શું જાણે કે તારે ઘેર હું શા માટે આવતો ન્હોતો તેનું કારણ શું? કારણ એજ છે કે, જ્યારે તારા કાકા કાકી જાત્રામાંથી આવ્યા તેને બીજેજ દીવસે તારા કાકાએ કહ્યું કે "શશી તારે મારે ઘેર આવવું નહિ." "મેં કારણ પુછ્યું ત્યારે કહ્યું કે પુષ્પા તારા તરફ આકર્ષાય છે, તેણી તને દેવ માની પુજે છે, નીશદીન તારાજ નામની માળા ફેરવે છે. તારો પ્રેમ દુષ્ટવાસનાનો છે. માટે તને એ પ્રેમનું ફળ કદી મળશેજ નહિ, કારણકે તું ગરીબ છે, બેકાર છે અને સાથે સાથે તું ચંડાળ લુચ્ચો પણ છે, મેં તને મિત્રનો પુત્ર સમજી અને વીવેકી જાણી તું કોઇપણ વખતે આવતો તો રોકતો ન્હોતો તેથી તું તેનું ફળ હમોને આપી ચુક્યો છે, હમો જ્યારે જાત્રા

ગયા હતા ત્યારે પુષ્પાએ તને લગ્નમાંથી બોલાવી લીધો હતો તે લગ્નમાંથી આવીને પુષ્પાને ઉંડા બગીચામાં હતા !"

"પણ તમને એ બધુ ગુલબાન કહ્યું કોણે ?" મેં ભય પામી પુછયું હતું.

"હમારા પાડોશીઓએ, શું તું એમ સમજે છે જે સુર્ય ઉદય થાય તે ઢાંકયો રહે ?"

"કાકા એ બધુ ગલત અને વાહીઆત છે, હમો નિર્દોષ છીએ, પુષ્પા સાથ મેં ગેરવર્તણુંક કદી કીધી નથી તેણી મુજ બ્હેન બરાબર છે."

"ગમે તેમ હોય પણ તારે આજથી અહીં આવવું નહિ."

"પુષ્પા આ શબ્દોએ મારા હૈયાને હચમચાવી મુક્યું અને રવમાની હું ત્યાંથી પાગલની માફક ચાલી આવ્યો. મારૂં હૃદય ઘવાયું હતું, ભગુ કાકા મારી ઉપર આવો ખોટો આરોપ મુકશે એવી કલ્પના મને સ્વપ્ને પણ ન્હોતી, ત્યાર પછી હૃદયના ઘાઃને જીવનની દોરી માની એ દોરીને તોડી નાખવા મેં પગલા માંડયા પણ આત્મહત્યાના ભયથી એ પગનો ખાડો પુરી દીધો."

"શશી હું એમ સમજીને આવી હતી કે આજે અખાત્રીજ છે તેથી જોષીની પણ જરૂર પડતી નથી તેથી હૃદય બંધન કરી આવું પણ તમે મને ખરા અંતઃકરણથી બ્હેન માંની લીધી છે એટલે મારો કંઇ ઉપાય રહ્યો નથી. હું જ્યારે બારણા આગળ આવી હતી ત્યારે તમે કહ્યું હતું ને ? જાણે ભગીની ભ્રાતને રક્ષા બંધન કરવા જતી હોય તેમ સોળે શણગાર સજી કયાં જાય છે ? પુષ્પા ? આજતો બળેવ નહિ પણ અક્ષય તૃતિયા છે, "તેથી શશી આજ હું અક્ષય તૃતિયાને બદલે બળેવ માની રક્ષા બંધન કરી જાઉં છું" એમ કહી પુષ્પાએ સાડીના છેડાનો તાર ફાડી શશીને બાંધ્યો.

"પુષ્પા શું કરવા આવી હતી ને શું કરી ચાલી, ખરેખર કર્મની ગતી ન્યારી છે."

લખ્યા વિધીના લેખ તે કોઇથી ફરતા નથી, ભલે શોધો ભુતળમાં જઈ પણ કો, તેવા મળતા નથી.

—❀—

પ્રકરણ—૧૩ મું.

બીજા દીવસનું પ્રભાત થયું, શશી ચ્હા પીતો હતો ત્યારે પોસ્ટમેન આવ્યો, તેણે શશીકાન્તને પત્ર આપ્યો.

શશી પત્ર વાંચી હર્ષ ઘેલો થયો, કારણકે અરજીનો જવાબ આવ્યો હતો, નશીબ સાથ રમેલ પાસા પોબાર પડયા. તેને શીક્ષકની જગ્યા મળી. પણ અત્યારે તેના આનંદમાં ભાગ લેનાર કોઇ ન હતું, પુષ્પાને તો તેની પાસેથી સમાજે ઝુંટવી લીધી હતી.

તે નોકરીએ જવા માટે તૈયાર થયો તેણે મનને પુછ્યું, "હું પુષ્પાને મળતો જાઉં ? પણ કદાચ ભગુ કાકા ગુસ્સે થશે તો ? પણ નહિ પહેલા તેનેજ મળુ એટલે તે ગુસ્સો ભુલશે ને પછી પુષ્પાને મળીશ;" આમ વીચાર કરી તે પુષ્પાને ઘેર ગયો, અને ભગુકાકાને કહ્યુ.

"ભગુ કાકા આપના પુન્યથી મને શીક્ષકની નોકરી મળી છે તેથી હું આજે અમદાવાદ જાઉં છું ! પણ ભગુએ શશીના શબ્દોને આ કાનેથી પેલે કાને કાઢી નાંખ્યા તે મૌનજ રહ્યો, તેને જોઇ શશીકાન્ત વ્યાકુળ થયો.

"શું હજુ એની સહનશીલતાનો અંત આવ્યો નથી ?" તેણે મનમાંજ ઉચ્ચાર્યું અને પછી ભગુને કહ્યું. "કાકાશ્રી મને માફ કરજો હું જાઉં છુ પણ પુષ્પા બ્હેન કયાં છે ?"

"નાદાન, પાછું પુષ્પાનું નામ લીધું ? જા જોઇએ તો નોકરીએ જા અને જોઇએ તો જહાનમમાં જા. મને તેની સાથ કંઇ લાગે વળગે નહી, તેં પુષ્પાને મળવા જેવું રાખ્યુંજ નથી." ભગુએ અતિ ક્રોધાવેશમાં કહ્યું.

"મંગી અશ્વિન કયા છે ? શશી અને અશ્વીનમિત્રો હતા તેથી જતા પહેલા તેને મળવાની ઇચ્છાથી તેણે તેની બ્હેન મંગીને પુછયું. મંગી શશીને ચાહતી હતી પણ મંગી પોતાના પ્રેમને હૃદયમાં દબાવી રાખતી; કારણ? તેણી જાણુતી હતી કે પોતાની સખી પુષ્પા શશીને ચાહે છે અને શશી પુષ્પાને ચાહે છે તેથી તે તેઓને દુઃખી જોવા ઇચ્છતી નહતી."

"શશીભાઈ તમે કયાં જાવ છો ? અશ્વિન ભાઇ તો સુરત ગયા છે.' મંગીએ પ્રત્યુત્તર આપ્યો.

"કેમ ?"

"આપણે શું જાણીએ? આજકાલ એ ભાઇના કામ બહુ વધી પડયા છે. તેથી બ્હારને બ્હારજ રહે છે."

"વારૂ તો મંગી મારૂં કામ કરશો?"

'કહોને મારી કયા ના છે તમે કહેસો તે કરીશ વળી તમારૂં કામ તે ન કરાય? મંગી મશ્કરી કરતા બોલી.'

'મંગી આ પાંચ રૂપીયા લો અને પુષ્પાને આપજો ને કહેજોકે તમારા અક્ષય તૃતિયાના બંધનનું અધુરૂ ઋણ શશીએ આપ્યું છે, હું બારની ટ્રેનમાં અમદાવાદ જાઉં છું ત્યાં મને શીક્ષકની જગ્યા મળી છે.' વારૂ મંગી જાઉં છું હો? અશ્વિનભાઇને મારા જૈશ્રીકૃષ્ણ કહેજો"

'શશી હું પુષ્પાને લઇ સ્ટેશન આવું છુ.'

'નહિ મંગી તેના કાકા બોલશે, માટે આવી નહિ. વારૂ નમસ્તે, શશી ગયો.

"ભગુકાકા પુષ્પા બ્હેન કયા છે?" મંગીએ પુષ્પાને ઘેર જઇ પુછ્યું.

"તે તો કયારની કપડાં ધોવા ગઇ છે."

"કયારે આવશે?"

"આવશેજ તો આસ્તે રહીને, તેનું કામબી શું છે?"

"વારૂં જાઉં છું કાકા?" એમ કહી મંગી ત્યાંથી જ્યા પુષ્પા કપડાં ધોવા ગઇ હતી ત્યાં જવાને નીકળી પણ એટલામાં પુષ્પા કપડાં ધોઇને આવતી મંગીને રસ્તામાંજ મળી.

"મંગી કયા જાય છે?" પુષ્પાએ મંગીને સામે આવતી જોઇ પુછ્યું.

"કયાં શું, પ્રેમીનો સંદેશો પ્રેમીને કાને પહોંચાડવા." મંગીએ મશ્કરીના અભાવે ઉચ્ચાર્યું.

'કોણ પ્રેમી!'

'હં કોણ કરીને પુછે છે?' જાણે બીચારી ઓળખતીજ ન હોય?

'મંગી મશ્કરી કરવી રહેવા દે અને કહે કોનો સંદેશ છે?'

'શશીકાન્ત અમદાવાદ જાય છે.'

'શા માટે?'

'નોકરીએ! અરજીનો જવાબ આવ્યો.'

'ખરેખર? ખરૂં કહે છે મંગી?' પુષ્પાએ આનંદથી પુછ્યું.

'તું મને જુઠ્ઠી જાણે છે એમ?'

'નહિ મંગી હું તો ખરૂંજ માનું છું પણ—' પુષ્પા બોલતી અટકી ગઇ.

'પણ શું?' મંગીએ પુછ્યું.

'નહિ નહિ કંઇ નહિ મંગી? મંગી મારી ઇશ્વર પ્રત્યે એવી પ્રાર્થના છે કે હે પ્રભુ? શશીભાઇની રોજીમાં બરકત કરો.' પુષ્પા વીચાર કરતી હતી કે શશીકાન્ત મને મળ્યા વીના કેમ જતો રહ્યો હશે? શું કાકા તો તેને બોલ્યા ન હોય? ગમે તેમ? પણ હજુ બારને વખત છે એટલે હું સ્ટેશને જઇશ.' તેથી તેણીએ મંગીને કહ્યું, 'મંગી સ્ટેશને આવશે?'

'હાં આવીશ પણ મારૂં મ્હોં મીઠું કર?'

'શેના માટે?' પુષ્પાએ આશ્ચર્ય પામી પુછ્યું.

'લગન બંધન માટે? હવે શરમાય છે શાની, કહે લગન કેંદી નીર્ધારીશ?'

'તું શું બકે છે મંગી?'

'હાં હાં ખરૂં કહું છું જો આ પાંચ રૂપીઆ શશીકાન્તે આપ્યા છે અને કહ્યું છે કે પુષ્પાને આપી કહેજો કે તું બંધનના રૂણ તરીકે માનજે.'

'મંગી તારા મનના ભાવને હું સમજી! તારૂં આમ માનવું ભુલ ભરેલું છે. પહેરામણી લગન બંધનની નહિ પણ રક્ષા બંધનની છે, હમો પવીત્ર છીએ હમારો પ્રેમ પવીત્ર છે.'

'સત્ય કહે છે પુષ્પા?'

'હાં તે મને બ્હેન માને છે અને હું તેને ભાઇ મનું છું.'

"માફ કરજે પુષ્પા," હું તો શુંને શું સમજી હતી." મંગીએ માફી ચાહી.

'બેન એમા માફ કરવા જેવું છેજ શું? સમાજના સુધરેલ કહેવાતા મહાજનો જ્યારે હમારી નીંદા કરે છે! ત્યારે તું તો એક સ્ત્રી છે, દુન્યા કહે છે કે સ્ત્રીની બુદ્ધી પગની પાનીએ છે તો પછી તું એમ ધારે તેમા તારો શો દોષ? મારા કાકાના કટુ વચનોથી શશીકાન્તે હમારે ત્યાં આવવું બંધ કીધું હતું, આજ મને મળવા વીના શશી જાય? ના કદી નહિ ત્યારે તેનું કારણ શું? એજ કે ભગુકાકાની ધાકને લઇને તે ન આવ્યો.

પ્રકરણ—૧૪ મું.

પુષ્પાએ ધોયેલા કપડાંને મંગીને ઘેર મુકયા અને તેણીઓ સ્ટેશન તરફ વળી. ઝાંપામાં પ્રવેશ કરે તે પહેલા તો ગાર્ડની સીટી વાગી, ટ્રેન ઉપડી.

શશીકાન્ત સામે બારી આગળ બેઠેલો હતો, તેણે તેણીઓને આવતા જોઇ ને તેથી તેણે બારી બ્હાર હાથ લાંબો કરીને હાથમાં રૂમાલ લીધો ને વાવટા મીસાલ બતાવવા લાગ્યો...અને ટ્રેન ઉપડી હતી તેનો વેગ વધ્યો એક પવનની લેરખી જોસમાં આવી. હવાની દીશા બદલાણી શશીના હાથમાંથી રૂમાલ છુટી ગયો, તે હવામાં ગેલ કરતો પુષ્પાને બદલે મંગીના સૌન્દર્યનું પાન કરતો તેણીના માથાથી હાથ ઉંચે ઘુમવા લાગ્યો પણ તેણીમાંથી કોઇએ પણ જોયો નહિ, પોતાનું અપમાન થયેલું જાણી તે રાસાઇને હવા સાથે વાતો કરતો દુર દુરના પહાડોને સ્પર્શવા ધુને ચઢયો, પુષ્પા એક ટોળા વીહોણી મૃગલીની માફક વીરહવા લાગી તેણીની મળવાની આશાનો ભાંગીને ચુરેચુરો થઈ ગયો.

જો તેણી એમ જાણતી હોત કે દૈવે પોતા માટે શશીનો રૂમાલ ભેટ મોકલ્યો છે તો જંગલો અને પહાડો તો શું? પણ કદાચીત અજગરે મુખમાં લીધો હોત તોપણ પોતા માટેની ભેટને જવા દેત નહિ, પણ અંજાણ હતી.

તેણીઓ ઝાંપાને ક્રોસ કરે તે પહેલાતો ટ્રેન દુરદુર જતી રહી તેથી પુષ્પા વ્યાકુળ થઇ ધરણી પર ઢળી પડી. તેણીના પગોનું જોર હણાઈ ગયું ચાલવાની શક્તિ ન રહી.

દુર દુરથી કોઈ સાધુના ગાનનો અવાજ આવતો હતો તેથી તેણીને સ્વપ્નની સ્મૃતી થઇ માની લો કે પુષ્પાના દુઃખનું વર્ણન થઇ રહ્યું હતું, મંગી પુષ્પાને જેમ તેમ સમજાવી ઘેર લાવી, હવે પુષ્પાને એક દીવસ વર્ષ સમ લાગતું હતું.

તેણી કપડા ધોવા અથવા પાણી ભરવા જતી ત્યારે તેણી કુવાના ટોળાને પુછતી મ્હારો શશીભાઈ આનંદમાં છે ને? "જવાબ ન મળતો ત્યારે તેણી પક્ષીઓને પુછતી" ન બોલતા ત્યારે સમ પણ દેતી પણ પક્ષીઓતો કી. કી. કીકીલાટ કરી મુકતા ત્યારે તેણી ગુસ્સે થતી અને કહેતી 'શું તમો સહુ મારૂ અપમાન કરી રહ્યા છો? આમ બોલતા તેણીનું હૃદય કંપી ઉઠતું, આંખમાંથી ગંગા જમનાની માફક અશ્રુબિંબ સરી પડતા અને વ્યાકુળ થતી પણ પણ પક્ષીઓ તે કંઈ બોલવાનાં હતાં!

પ્રકરણ—૧૫ મું.

આમ પુષ્પા શશીકાન્તની યાદમા દીવસે દીવસે નખાતી ચાલી. આજે તેણી દુઃખનુ વર્ણન કરતી અને ગીત ગાતી કુવે પાણી ભરતી હતી તેજ વખતે એક યુવક હાથમાં લેધર બેગ લઇ ત્યાંથી પસાર થતો હતો તે પુષ્પાના મધુર ગાન તરફ ખંચાયો અને કુવા નજદીક આવ્યો.

"બેન જરા પાણી પાશો ? તે યુવકને તરસ લાગેલી ન્હોતી પણ હૃદયની કામાગ્નીને તૃપ્ત કરવા તેણે પુષ્પા પાસ પાણીની માંગણી કીધી.

પુષ્પાએ કંઇ પણ બોલ્યા સીવાય તે યુવકને પાણી પાયું; તે યુવક પાણી પીઇને તેણી તરફ પ્રેમ ભરી દ્રષ્ટિથી જોઇ અંતરની ઉર્મીઓને શાન્ત કરી ફકત થેન્કયુ કહી ચાલતો થયો.

પણ પુષ્પા તો જ્યારથી શશીકાન્ત સાથની પ્રીતી તુટી ત્યારથી પ્રેમ કરવાના લક્ષણ ભુલી ગઇ હતી; તેથી તેણીને બોલવું ઉચીત ન લાગતા તેણી મૌનજ રહી.

જ્યારે પેલો યુવક કે જે પાણી પીને ચાલવા લાગ્યો તે જતા જતા પણ પુષ્પાના સ્મિત મુખ તરફ જોતો હતો, તે તેણીના યોવનપણાને અને તેજસ્વ મધુર સૌન્દર્યને પોતાની નજરથી જરા પણ વીલુ મુકવા ઇચ્છતો ન્હોતે પણ કરે શું ? પુષ્પાએ પાણીનું બેડું માથે મુકયું અને ઘેર તરફ ચાલી આવતી હતી. તેણીએ જોયું તો તે યુવક પોતાના મ્હોલામાં ત્રીજી લેનમ પ્રવેશ્યો પણ કોને ત્યાં ગયો તે તેણીએ જોયું નહિ.

વ્હાલા વાંચકો, આ યુવકનું અને પુષ્પાનું કુવે થયેલ મીલન આ લોકો પોતાના હ્રદયામાં કોતરી રાખજો. જોજો ભુલશો નહિ હો ?

હવે આ વીષયને આટલેથી અટકાવી આપણે નરકની ભઠ્ઠી સ સમાજના સંસ્કારો તરફ ડોક કરીએ કે સમાજના સુધરેલ કહેવાતા સંસ્કારીએ અનાથ બાળાઓને માયાના અંધકારમાં દુષ્ટવાસના રૂપી ચકકીમાં નાંખ તેનું કેવી રીતે તેલ કાઢે છે. અને ગભરૂ અસમર્થ બાળાઓને માટે હાલ રૂપી દુઃખોના ઘર કેવી રીતના ત્યાર કરે છે અને રીબાવી રીબાવી જવ ભાસુખીમાં બાળે છે.

પ્રકરણ—૧૬ મું.

'ભગુભાઈ છો કે?" ભગુના મ્હોલ્લાની પંચાવન સાઠ વર્ષની ઉમરની એક ડોશીએ ભગુના ઘેર આવી કહ્યું, ત્યારે ભગુ ઘરની અંદર હતો તે બ્હાર આવ્યો.

'હાં, આવોને? બેન હું વળી ક્યા જવાનો હતો, પણ તમે આજ કાલ માલુમ કેમ પડતા નથી?"

'ભઈ શું માલુમ તે પડીએ! જમીન તો સફાચત થઈ ગઈ છે?' ગ્રહ સંસારની વાત કરતા કહ્યું.

'અરે જસુ બેન જમીનની વાતજ ક્યાં કરવી રહી? એ તો કળીયુગમાં બધું હોય 'નહિ તો હોમની વાત વળી કોણ જાણતું હતું? પણ આજ કાલ તો હડહડતો કળીયુગ છે એટલે ન થાય તે થોડું, અને અધુરામાં પુરૂ હમણાની પ્રજા ફેશન શીખી ગઈ છે એટલે પુછવુંજ શું?'

'હાં પણ ભગુભાઈ પુષ્પા ક્યાં છે?'

'પાણી ભરવા જવાની હતી તે ગઈ હશે.''...વાંચક પુષ્પા પાણી ભરવા નહિ પણ રસોડામાં હતી પણ ભગુએ તેણીને પાણી ભરવા ગયથી જાણી.

તેનું કંઇ નહિ પણ હું તો અમસ્તી પુછતી હતી, "અને હા પુષ્પાના લક્ષણ મને દીવસે દીવસે ઠીક લાગતા નથી, છોકરી વંઠી જશે, માટે હવે તો કંઈવર સોધીને સંસારની ચક્કીએ જોડી દેવું જોઇએ." જસુએ પુષ્પા માટે રોષ ઉપ્તન કરતા ભગુને કહ્યું—આ શબ્દો જ્યા પુષ્પા રસોડામાં હતી ત્યાં તેણીના કાન સાથ અથડાયા અને તેણી ધ્યાન પુર્વક સાંભળવા લાગી—'નહિ તો તેણી કુળને કલંક લગાડશે.'

'હાં બેન ખરૂં છે, યુવાન છોકરી તે ઘરમાં રખાય? તેથી હું તેજ વીચારમાં છું, પણ કંઈ યોગ જગ્યા અને કોઇ યોગ વર મળે તો તેની સાથ પાણી ગ્રહણ કરાવુંને?' ભગુએ તેણીને પ્રત્યુત્તર આપ્યો.

'તમે જો માનતા હોય તો એક યોગ વર છે તે બતાંઉ?

'બતાવોને બેન? મારી ક્યાં ના છે?'

'મને ભાળ મળી છે કે! ઉકા પટેલ આજ કાલ કન્યાની તલાસમાં છે!'

'નહિ જસુ બેન એતો યોગ ન કહેવાય. ક્યાં પુષ્પાનાં સત્તર અને ક્યાં ઉકા પટેલના સીત્તેર? એ તો પછી પીતા પુત્રીના સબંધ જેવું દેખાય.'

'અરે ભાઈ ઉંમર તરફ ક્યાં જોવાનું છે?' હમણાના જમાનામાં પૈસાને માન છે પૈસાને! સમજ્યા બાપુ! આઠી ઘોડા વાડી સુંદર બાગ બગીચા ને વળી ત્રણ ત્રણ તો કપાસના જીન ચાલે છે. નથી કોઈ છોકરા કે નથી કોઇ છોકરી અથવા સગાઓ, જ્યારે ત્યારે બધી મીલકત પુષ્પાને અને તમોનેજ મળશે! હું તો તમારા શ્રેષ્ટ માટેજ કહું છું પછી તો આપની મરજી.'

'પણ પુષ્પા ન માને તો?' ભગુએ વાંધો ઉઠાવતા કહ્યું.

'ભગુભાઇ તમે એમ કેમ બોલો છો? વળી છોકરી તે તમારૂં ન માને એમ હોય? તમે આજ સુધી જેને પુત્રી સમાન પાળીને મોટી કીધી તે તમારૂ ન માને એમ તો કંઈ હોય?

'વારૂ તો હું કાલે ઉકા પટેલને ત્યાં જઈ વેવીશાળ નક્કી કરી આવીશ.'

'ભલે! પણ મારૂ નામ પુષ્પા આગળ લેશો નહિ હો? હમોને કંઇ ખરાબ લાગે છે? નહિ, નહિ, કદી નહિ. હમે તો કોઇને સુઃખ જોવા ઇચ્છીએ છીએ; ને તેથીજ કહ્યું. પછી તો તમારી મરજી. જો કરી આપશો તો છોકરી સુખી થશે? વારૂ રામરામ જાઉં છું?'

'હાં રામ રામ બેન રામ રામ.'

જસુ પોતાને ઘેર જતી રહી. પુષ્પા તેઓના વાક્યો સાંભળી દીંગ્મુઢ થઈ ગઈ, તેણી મનમાં સંકલ્પન કરવા લાગી. 'શું મારે એક વયોવૃદ્ધ સાથ પાણી ગ્રહણ કરવુંજ પડશે. મ્હારો કાકો મારી પાસેથી આવીજ રીતે પોતાનો બદલો લેશે?' તેણી કાકાને કહેવા તત્પર થઇ પણ પોતાની જીભ ન ચાલી. તેણી રસોડા બ્હાર આવી, તેને જોઈ ભગુ આભો બની ગયો, તેણે વીચાર્યું કે પુષ્પાએ વાત સાંભળી હશે તો શું થશે? આ વીચારથી તેણે પુષ્પાને પોતા પાસે બોલાવવાનો વીચાર કીધો કારણકે જો પોતે તેણી સાથ કંઇ પણ વાત કરીશ તો તેના મનનો ભાવ સમજી શકાશે, તેથી તેણે પુષ્પાને પોતા પાસે બોલાવી અને કહ્યું.

'પુષ્પા બેટા પાણી ભરવા ગઈ ન હતી?'

'નહિ બાપુ, પાણી તો કેવારનીએ ભરી લાવી છું પણ હમણા તો રાંધતી હતી.' પુષ્પાએ જાણે પોતે કંઈ જાણતીજ ન હોય તેમ જવાબ આપ્યો.

'પુષ્પા હમણા જસુ બેન આવ્યા હતા તે કહેતા હતાં—'

'શું કહેતા હતાં અને ક્યારે આવ્યા હતાં?'

'હં હાં હાં હમણાજ આવ્યાં હતાં અને 'ભગુએ જાણ્યું કે પુષ્પા રસોડામાં હતી એટલે કંઇ પણ સાંભળ્યું ન હશે એમ જાણી વાત ઉલટાવતા બોલ્યો.' કહેતી હતી કે, શશીકાન્ત અમદાવાદ ગયો છે, ને ત્યાં તેને શીક્ષકની નોકરી મળી છે. શું? એ ખરૂ હશે? જોને બેટા તે કેટલો કંશીલો છે તે ગયો ત્યારે તે આપણે ઘેર મલવા પણ ન આવ્યો,' પોતાના ખેદને દબાવતા કહ્યું.

'હાં તેને આપણે ત્યાં મળવા આવવું જોઇતું હતું. 'હા પણ બાપુ ખરેખર તે નોકરીએ ગયો છે?' પુષ્પા પોતે જાણતી હતી છતાં પોતાના કાકાથી છુપાવવા પુછ્યું.

'હાં ગયો તો છે અને નોકરી પણ રહ્યો છે.

પ્રકરણ—૧૭ મું.

'પુષ્પા બા, તમે તો હવે પટલણ થશો, પછી સખી કોણ ને બખી કોણ? તમે તો હવે વૈભવ વીલાસમાંથી પરવારવાના પણ નથી, હું તો તને હવેથી પટલણ કાકી કહીને બોલાવીશ. 'પુષ્પાની સખી મંગી તેણીને ત્રણ ચાર દીવસ બાદ મળી તેણીએ પુષ્પાની મશ્કરી કરતા કહ્યું.

'મંગી તું શું બકે છે? તું કહે છે તેમાંતો મને જરા પણ સમજણ પડતી નથી.'

'બીચારી જાણે એ વાતથી તદ્દન અંજાણી હોય તેમ પુછે છે? પણ એમ કહેની કે વાત કરતા શરમ લાગે છે. 'ચાલ શરમ લાગતી હોય તો હુંજ કહી નાંખુ!' ઉકા પટેલ સાથ તારૂ વેવીશાળ કીધું છે?'

'સત્ય કહે છે મંગી?'

'હાં! અને આવતા સાલની દિવાળી પછી લગન નીરધાર્યાં છે.'

'નહિ મંગી એ બધું ગુલબાન છે. ભગુ કાકા મારૂં વેવીશાળ એક વૃદ્ધ સાથ કદી કરેજ નહિ! તેણે મને આજ સુધી પુત્રી સમ પાળી છે, અને મારી આટલી ઉમરમાં મને કોઇ દીવસ તુકારો પણ કહ્યો નથી, એ

મનનું ભુલ ભરેલુ છે, મને પુર્ણ વીશ્વાસ છે કે ભગુ કાકા કદી વીચાર વીનાનું પગલું ભરેજ નહિ.'

'તો શું હું તને જુઠું કહું છું એમ? મારા બાપા અને મારી માતા વાત કરતા હતા કે ભગુ શું કરવા બેઠો છે? બીચારી પુષ્પાને એક વયોવૃદ્ધ સાથ પરણાવવા તૈયાર થયો છે. ખરેખર આજે માયાના મોહમાં કોણ ફસાતુ નથી અને તેથીજ ભગુ પુષ્પાનું જીવતર ધુળ કરવા માંગે છે.'

'જો તું સત્ય કહેતી હઈશ તો હું કદી લગ્ન ન કરીશ મારૂં ન માનશે તો લગ્નને દીવસ હું આપઘાત કરીશ આમ બોલી પુષ્પા અને મંગી છુટા પડયા.

પ્રકરણ—૧૮ મું.

આજે મંગીની વર્ષગાંઠ હતી તે માટે તેણીએ પોતાની સખી પુષ્પાને આમંત્રણ આપ્યું હતું, તેથી પુષ્પા મંગીને ત્યાં આવી હતી. 'મંગીને ત્યાં એક યુવક આવેલો હતો, તેની ને પુષ્પાની નજર એક થઇ.

તે યુવકને પોતે પાણી પાએલું એવી સ્મૃતિ પુષ્પાને થઈ; તેણીએ મનમાં વીચાર્યું; શું આજ તે યુવક હશે, જેને મેં કુવે પાણી પાયું હતું. ?

તે યુવકને પણ પોતે પાણી પીધેલું તે યાદ આવ્યું, જમવાનો વખત થતા બધા એક ચટાઈ પર બેઠાં.

'પુષ્પા આ મારી ફઇના છોકરા ભઇ થાય છે.' બધાને મુંગા બેઠેલા જોઇ મંગીને કંટાળો આવ્યો તેથી તેણીએ પોતાના ફઇના છોકરાની પોતાની સખી પુષ્પાને ઓળખાણ આપવા વાત શરૂ કીધી 'અને એનું નામ અનીલ કુમાર છે, પહેલાં તો એઓ પ્રખ્યાત ચીત્રકાર હતા જ્યારે મુંબઇમાં ચીત્રકળા પ્રદર્શન ભરાયેલું ત્યારે અનીલભાઇ હરીફાઇમાં પહેલા નંબરે આવ્યા હતા અને ઇનામ મેળવ્યું હતું પણ અત્યારે ચીત્ર દોરવાનું બંધ કીધું છે, કારણકે અત્યારે પહેલાની માફક ચીત્રની તુલના થતી નથી તેથી એણે વીમા દલાલનું કાંમ ઉપાડયું છે, હમણા પોરબંદરથી વીમાનું ચાલુ હતું ને પતાવીને મ્હારા પીતાજી એઓને બોલાવ્યા કરતા હતા તેથી

'જી હાં, મંગીનુ કહેવું સત્ય છે.' અનીલને પુષ્પાના નિખાલસ વર્તન માટે ને તેણીના નિખાલસ મુખ માટે તેને તેણી પ્રત્યે પ્રેમ ઉપજ્યો.

પ્રથમ પરીચયેજ પ્રેમ ઉત્પન થાય છે તેમ અનીલને પણ પુષ્પા પ્રત્યે પ્રેમ ઉત્પન્યો.

પણ પુષ્પા તો એ વાતથી અંજાણી હતી.

હું પણ તમને મેં ક્યાંક જોયેલા છે. અનીલ પુનઃ બોલ્યો.

'જી હાં, કંઇ બોલવુંજ જોઇએ જાણી પુષ્પાએ પ્રત્યુત્તર આપ્યો.' મેં તમને એકવાર કુવે પાણી પાયું હતું.

'હાં હાં હવે ખ્યાન આવ્યું" હું જે દીવસે પોરબંદરથી આવતો હતો તે દીવસે મને તમે તમારા ખાંડી કુવે પાણી પાયું હતું નહિ ?'

'જી હાં, મેજ પાણી પાયું હતું પણ હું તે દીવસ જાણતી ન્હોતી કે તમે મંગીના ફોઇયાત ભાઈ થાવ છો ? નહિ તો આપણો પરીચય તે દીવસેજ થાત પણ મેં તમને કોઈ મુસાફર જાણી મુંગા મ્હોયીજ પાણી પાયું હતું, માટે તે બદલ હું આપ પાસે માફી માંગુ છું'

'નહિ, નહિ, એમા માફી શાની માંગવાની ? ત્યારે આપણે એક બીજાને ઓળખતા હતાજ કયા જે ?' અનીલ પુષ્પાના સૌન્દર્યનું પાન કરતા હસી બોલ્યો. જાણે પુષ્પા મંદ મંદ હાસ્યના મોતી વેરી રહી હોય તેમ તેને લાગતુ તેણીના સુંદર રમ્ય મુખ તરફ તેનાથી તેણીને જોયા વીના રહેવાતું ન્હોતું તેથી તે પુષ્પાને મીટ માંડી જોયા કરતો હતો.

'અનીલભાઈ; મંગીએ તેઓને પુનઃ મૌન રહેલા જોઇ વાત શરૂ કીધી. પુષ્પાના કાકા કન્યા વીક્રય કરવા તૈયાર થયા છે, બીચારીનું એક સીત્તેર વર્ષના બુઢ્ઢા બણુચક સાથે વેવીશાળ કાધું છે, અને આવતી દિવાળીએ લગ્ન નિરધાર્યાં છે.'

'તો શું પુષ્પા રાજી છે ? અનીલે પુછ્યું.'

'ના હું રાજી તો નથી પણ મારે કરવું શું ?'

'તો શું ? તમે એક વયોવૃદ્ધ સાથ પરણી તમારૂં યોવન જીવતર ધુળ કરશો ?'

'પણ હું કાકાને આધીન છું. તેણે મને નાનપણથી પાળી મોટી કીધી એટલે હું તેની ઓસીંગણ છું !' પુષ્પાને અનીલની પોતા તરફ લાગણી

જોઈ તેના પ્રત્યે ઘણુંજ માન પેદા થયું તેથી તેણી આભાર ભરી દષ્ટિએ અનીલ તરફ જોતા આગળ બોલી.

'ને વળી હું એક સ્ત્રી જાતી તે શું કરી શકું ?'

'ગાંડી રે ગાંડી; સ્ત્રી ધારે તે કરવાને શક્તિવાન છે; શું તમે ખુલ્લે ખુલ્લું તમારા કાકાને ન કહી શકો કે હું એક વૃદ્ધ સાથ કદી લગ્ન કરી શકુજ નહિ.' અનીલે જીવનનો રાહ બતાવતા કહ્યું.

'પણ મારાથી મર્યાદા ઓળંગીને વડીલ આગળ કેમ કરી કહી શકાય ? પુષ્પાએ વડીલનો વાંધો ઉઠાવ્યો.'

'મર્યાદા ? જ્યારે વ્હાણુ ડુબવા લાગે ત્યારે મર્યાદા, સતીનું શીયળ ખંડાય ત્યારે મર્યાદા, બંધુ બ્હેન પર અનિતી કરે ત્યારે મર્યાદા, કાકો ભત્રીજીનુ વીક્રય કરે ત્યારે મર્યાદા, શેની મર્યાદા ? તમારો કાકો તમારૂં જીવન ધુળ કરવા બેઠો ત્યારે મર્યાદા રાખવી કેવી ?'

પુષ્પા અનીલની શીખામણથી પોતાના ઘેર આવી.

પ્રકરણ—૧૯ મું.

'બાપુ શું આ વાત સત્ય છે ? શું આપ મારૂં જીવતર ધુળ કરવા ઇચ્છો છો ? એક વયોવૃદ્ધ સાથ મને પરણાવી સળગતી ચેહમાં નાખવા ઇચ્છો છો ?'

'નહિ બેટી તને કોણે કહ્યું ? શું તું ધારે છે કે હું તારો ભવ બગાડુ ?' બાગુએ આશ્ચર્ય પામી વાત ઉડાવતાં કહ્યું.

'નહિ બાપુ તમે છુપાવો છો; મેં જસુ ફઇએ કહ્યું તે દીવસે કાને કાન સાંભળ્યું હતું, પણ મેં એમ ધાર્યું હતું કે જસુ ફોઇના કહેવા પ્રમાણે તમે એમ કદી કરશો નહિ; માટે જે હોય તે સત્ય કહો ?'

'હાં છે તો ખરૂ પણ પુષ્પા તે પૈસાદાર છે તે કરોડપતી છે અને તેનો વૈભવ વીલાસ રાજ્ય સમ છે, માટે બેટી તું સુખી થશે.'

'રાજ્ય સમ હો કે પ્રજા સમ હો, પણ મારે તેના પૈસા અને વૈભવ જોઇતા નથી, હું એ લગન કદી કરીશ નહિ, શું તમે મારી જીંદગીની કીંમત તેના વૈભવ કરતા કમી જાણો છો ?'

તે તો તારી મરજી ! મને પણ ખ્યાલ આવે છે કે ક્યાં તારી ઉમર સત્તર અને ક્યાં તેની સીત્તેર ! એ બનવું અશક્ય છે. આપણે કરવાના નથી પણ એતો જરા અમસ્તી વાત કીધી હતી, આપણે ક્યાં તેનાં બંધાયેલા છીએ. એતો આપણી ખુશીની વાત, જેવો વખત હશે તેવું થશે !"

'ભગુએ વીચાર્યું વખત આવે વીચાર, હમણા તો ના કહેવા દે, એમ જાણી તેણે પુષ્પાને આશ્વાસન આપ્યું.

'જો ન કરવાના હોય તો મને વચન આપો, કે હું તને ઉકા પટેલ સાથ પરણાવીશ નહિ, પુષ્પાએ પોતા માટેનો જવાબ માંગ્યો.

'વચન સાનું વચન ? પુષ્પા તું જાણે છે હું તારા બાપ બરાબર છું મારૂં કહ્યું તારે માનવું પડશે ? શું તને મેં આજ સુધી પાળી અને મોટી કીધી તે વચન માટે ? મને તેં કોણ જાણ્યો ! હું જે કરૂં છું તે ઠીકજ કરૂં છું તેમા તારે સ્મતી આપવી પડશે ? તારૂં સ્વમાન હું સારી રીતે જાણું છું. હું તારૂં લગ્ન ઉકા પટેલ સાથ જરૂર કરીશ મને રોકવાનો અધિકાર કોઇને નથી, ભગુએ પોતાને વીચાર ખુલ્લો કર્યો.

"બાપુ મહા ખેદની વાત છે કે આપના જેવા પીતા હીન્દુ સમાજમાં બેગુનાહોના ગળે છરી ચલાવે છે. બાપુ હું પણ મારી જવાબદારી માટે છાતી ઠોકી કહું છું કે મને એક બુઢ્ઢા બણુચક સાથે પરણાવવાનો અધિકાર કોઇને નથી.

ભલે તમે મને પાળી તે બદલ મને મારી નાખી મારા માઉસનાં ટુકડા કરી તેને વેચીને તમે તમારૂ ઋણ વસુલ કરો પણ હું મારૂં લગ્ન એક સીત્તેર વર્ષના વૃદ્ધ સાથ કરીશ નહિ !

"ન કરશે તે હું જોઈશ. અને તને શીખવનારને પણ જોઈ લઈશ કે તેઓ તને ક્યા સુધી હાથ દેશે." એમ કહી ભગુ ઉકા પટેલને ત્યાં ગયો.

પુષ્પા વ્યાકુળ થઈ. તેણે જાણ્યું કે ભગુકાકા આવતા સાલને બદલે આ ચાલુ મહીનામાંજ લગ્ન કરશે ! આ વીચારથી તેણી મહા ખેદ પામવા લાગી. ભયભીત થઇ તેણી મંગીને ત્યાં આવી.

અનીલે અને મંગીએ તેણીને પુછ્યું કે તમારા કાકા શું કહેતા હતા ત્યારે તેણી વાત છુપાવવા લાગી પણ હૃદયના આંશુએ કહી દીધું.

"મંગી મ્હારા કાકા લગ્ન નક્કી કરવા - હમણા ને હમણાજ ઉકા પટેલને ત્યાં ગયા છે. આવતા સાલને બદલે થોડા દીવસમાં મારૂં લગ્ન ઉકા પટેલ સાથે કરી નાખશે ?" આમ તેણી મંગી અને અનીલને કહી રડવા લાગી.

અનીલે તેણીને ધીરજ આપતા કહ્યું. 'ગભરાવ નહિ હું તમારા કાકાને મળી સમજાવીશ, ને જો ન માનશે તો પછી સહુ થઇ રહે છે.

આ શબ્દોથી પુષ્પાને અનીલ ઉપર પ્રેમ ઉપજ્યો, તેણી અત્યારે શશી કાન્તની સ્મૃતિ અને તેના સ્વપ્નનું સુચન ભુલી ગઈ હતી, હવે તેણી પહેલા જેમ શશીને ચાહતી હતી તેથી અધીક અનીલને ચાહવા લાગી, હવે અનીલને મળ્યા વીના તેણીથી એક ઘડી પણ રહેવાતું ન્હોતું.

આમ બે ત્રણ દીવસ પસાર થઈ ગયા અને પુષ્પાને માલુમ પડયું કે પોતાનો કાકો લગ્ન નક્કી કરી આવ્યો છે, અને હવે માત્ર ગણુંત્રીના પંદર દીવસજ રહ્યા છે, આથી તેણી મુંઝાવા લાગી કે હવે કરવું શું ? તેણીએ વીચાર્યું હું અનીલ સાથ મુંબઈ જતી રહું તો ? ત્યારે મનનો જવાબ મળ્યો ? 'તું નાશી જશે તો તારો કાકો પોલીશને ખબર આપી તને અને અનીલને પકડી મંગાવશે !' ભલે પોલીશમાં ખબર આપશો તો શું થયું, હું તેનો યોગ બંદોબસ્ત કરીશ, આમ વીચારી તેણી મંગીને ત્યાં આવી, બીજી વાત કરતી કરતી તેણીએ અનીલને પુછ્યું.

"હં આપ મુંબઇ કયારે જશો ?"

"પરમ દીવસે જવાનો છું. અનીલે જવાબ આપ્યો.

"હું તમને એક કામ કહું છું તે કરશો ?" પુષ્પાએ અચકાતાં પુછ્યું.

"હા, કહો ?"

"મને તમે તમારી સાથે મું-ઇ મુંબઈ લઇ—" પુષ્પા શરમથી બોલતા બોલતા નીચું ઘાલી ગઇ.

"શું બોલો છો ? પુષ્પા."

"હાં અનીલ મને બચાવો તો આપજ છો ? મારૂં લગ્ન પંદર દીવસમાં થઈ જશે ! તેથી હું આપને શરણે છું મને બચાવો. હું તમારો ઉપકાર માનીશ !"

"પણ પુષ્પા તમારો કાકો મને પોલીશમાં આપશે તો ?"

"તેની જવાબદાર હું છું, તેનો બંદોબસ્ત હું કરી લઇશ. તેની ફીકર તમારે કરવી નહિ! પણ તમે મારી એટલે મને સાથે લઇ જઇ તમારી અર્ધાંગના બનાવવાની જવાબદારી લો."

"વારૂં હું આજે જાઉં છું. તમે પાંચમે દીવસ સુરત આવજો. આપણે ત્યાંથી મુંબઈ જઇશું."

—❧—

પ્રકરણ—૨૦ મું.

પુષ્પા નાશી ગઇ. તેના પાંચ છ દીવસ પછી આખા ગામમાં વાત ફેલાઇ ગઇ, ગામના લોકો માહો માહે વાત કરવા લાગ્યા કે ભગુની ભત્રીજી કોઇને લઇ નાસી ગઇ.

"જસુબેન, તમે કંઇ સાંભળ્યું કે? પાડોશણો એક બીજા પ્રત્યે વાત કરતી હતી.

"શું? બેન? જસુએ પુછયું.

"અરે પેલા ભગુભાઇની ભત્રીજી કોકને લઈ નાશી ગઈ.

રાણે પોતાની અઢાર પેઢી ઉપર પાણી ફેરવ્યું.

"કોકને કોને વળી? મને તો લાગે છે કે દયારામના ભાણેજ સાથે મુંબઇ જતી રહી છે. તે મુંબઇથી આવ્યો હતો ત્યારની રાણ ત્યાંને ત્યાંજ જતી હતી. બીચારો તે છોકરો તો સારો હતો પણ રાણે જેમ તેમ સમજાવ્યો અને સાથે જતી રહી; મેં તો ભગુને પહેલાથીજ ચેતવ્યા હતા પણ બેન આપણું કોણ માને?" જસુએ ખુલ્લી વાત કરતા કહ્યું.

"ના માને ત્યારેજ રાંડો વીફરી જાય છે ને!"

"હા પણ કંઇ પોલીશ બોલીસને સંભળાવ્યું કે નહિ?"

"અરે સુશીલા બેન તે વાતજ કયાં પુછો છો? રાંણ ગઈ તો ગઇ. પણ પોતાના ઓરડામાં કાગળ બી લખીને મુકી ગઇ હતી."

તે લખતી હતી—"જો મારી ખોળ કીધી, યાતો મને લેવા આવશો કે પોલીશમાં સંભળાવશો તો હું કન્યા વીક્રયનો આક્ષેપ મુકી તમુને પોલીશને સ્વાધીન કરાવીશ." આમ લખ્યું હતું. તેથી બીચારા ભગુભાઇના તો

ઉંબાજ ગમડી ગયા છે. બીચારે આજ સુધી પાણી પોશીને મોટી કરી ત્યારે રાંડે આ ફળ આપ્યું. ભગુએ તો તેની ઉપર પાણીજ મુકયું છે."

"મુકે નહિ તો કરે શું? તેના વાસ્તે એ શું! મરી જાય? જવા દેને? આપણા મનસે તો એ પનોતી ગઈ. આપણા મ્હોલ્લામાં એવી લુચ્ચી છોકરી હોય તો? આપણી છોકરીઓને બી ઉંધે રસ્તે લઈ જાય. એથી એવીઓ કાળુ કરીને જતી રહે તે બહું સારૂં." આમ ગામમાં ખળભળ થતું હતું. વાંચક આપણે હવે કયાં જઇએ. "પુષ્પા અને અનીલ તરફ."

પ્રકરણ—૨૧ મું.

અનીલ અને પુષ્પા સુરતથી ભેગા થઇને મુંબઇ ગયા ત્યાં મેરેજ રજીસ્ટ્રારની ઓફીસમાં જઇ લગ્ન કર્યું.

પુષ્પા અનીલના પડતા બોલને ઉઠાવવા તૈયાર રહેતી, અનીલ બ્હાર ગયો હોય તો તેણી તેની રાહ જોતી બેસી રહેતી, આમ તેણીનો ગ્રહ સંસાર ૭ મહીના સારી રીતે ચાલ્યો પણ હવે અનીલ તેણીને કડક નજરે જોવા લાગ્યો અને પોતે તેણી પર જુલ્મ વરતાવવા લાગ્યો ને શરાબી બન્યો. વીમાના કામ માટે અનીલ બ્હાર ગામ ગયો હતો તેને બ્હાર ગામ ગયાને પંદર વાડ્યું થયું હતું, આજે તે આવવાનો હતો તેથી પુષ્પા આજે તેણીનું શયનગૃહ જાણે રંભાનું વિલાશ ભૂવન હોયની! તેવું દીપી રહ્યું હતું, અને તેણીનું યોવન ઉછાળા મારી રહ્યું હતું. તેની સૌંદર્ય મુરતી સાક્ષાત અપ-સરાને લજાવે તેવી લાગતી હતી, આમ શયનગ્રહ શણગારી તેણી અટા-રીએ પ્રીતમની રાહ જોતી બેઠી હતી.

દશ વાગ્યાને અનીલને સ્ટેશને લેવા ગયલી કાર દેખાણી અને પોતાની બિલ્ડીંગની નીચે ઉભી રહી તેમાંથી બે શખસ અને ત્રીજો અનીલ ઉતર્યો. પુષ્પાએ જોયું તો ડ્રાયવર સીવાય કોઇને ઉભા રહેવાની સુદ્ધી ન્હોતી.

અનીલ લપેડા ખાતાં ખાતાં બોલ્યો મી૦ ચંદુ અને મધુકાન્ત હું અત્યાર સુધી એક વાત કહેવાનું ભુલી ગયો હતો. તે સાંભળો! આપણા પંજામાં એક શીકાર સપડાયો છે તેને થોડા દીવસ રમતો મુકી પછી તેનો શીકાર કરી નાંખશું!" શંકર (ડ્રાયવર તરફ જોઇને) એઓને પોતાને

ઠેકાણે મુકી જલ્દી આવ? "ઓલરાઇટ ગુડ-બાય, એમ કહી તે દાદર ચઢવા લાગ્યો.

આ બધા શબ્દો પુષ્પાને કાને અથડાયા. તેઓનો બોલવાનો ભાવાર્થ શું હતો તે તેણી સમજી શકી નહી. પણ બધાઓને નશામાં જોઇ તેણીએ જાણ્યું કે અનીલને દુષ્ટનો સંગ લાગ્યો છે.

અનીલ દાદર ચઢી ઉપર આવ્યો તેને પુષ્પાએ સ્નેહથી નમન કીધું. પણ એ નમનને અનીલે સ્વીકાર્યું નહિ. છતાં તેણી પોતાના પતીના કપડાં ઉતાડવા લાગી.

ત્યારે અનીલે પોતાના હાથથી જોરમાં ધકકો મારી તેણીને પાડી નાખી પણ તેણીએ વીચાર્યું કે એ નશામાં છે એટલે એને સુદ્ધો નથી. માટે એને તો વીનય વચનથી શાન્ત કરવું જોઇએ. આમ જાણી તેણીએ અનીલને કહ્યું. "નાથ મને માફ કરો મેં તમને નાહક તકલીફ આપી! હં શું તમે વીમાનું કામ પટાવી આવ્યા?

"ચાલ દુર રહે. મને તારી શીખામણ જોઇતી નથી. તારૂં સ્ત્રી ચરિત્ર અહીં ચાલવાનું નથી! તું આપ મતલબી છે. ગરજ હોય તો પ્રેમ પુંજા નહિં તો પછી પતી કોણ? ને બતી કોણ? જા, મને તું રીઝવી શકતી નથી. હવે બીજા કોઇને રીઝવ અને સુખી થા. મારા સ્નેહને પાત્ર તું નથી. માટે તું ત્હારા યોગ્ય કોઇને સોધી લે. અનીલે તેણીને તરછોડી અતિ ક્રોધમાં કહ્યું.

"નાથ તમે શું કહી રહ્યા છો? હું કયાં જાઉ? મને મુંબઇની એક ગલી પણ ખબર નથી. ને વળી આપ મારા માથાના મુંગટ સમ છો હું આપને છોડી શા માટે જાઉ? અને મેં તમને રીઝવવા માટે શી કમીના રાખી છે?"......

'હાં, કમીના બહુ છે, મારી આજ્ઞાનું પાલન તેં કદી કીધું નથી; અનીલે પ્રત્યુત્તર આપ્યો.'

'હું આપની આજ્ઞા પાળવા કદી ચુકી નથી, છતાં મારી ભુલ થઇ હોય તો મને આજ્ઞા આપો? તેને હું મારે મસ્તકે ચઢાવીને તેનું પાલન કરીશ.'

'જો તું આજ્ઞાનું પાલન કરવાની હોય તો મને વચન આપ.'

'વચન?'

'હાં વચન !'

'નહિ નાથ તમે જે કહેશો તે હું વગર સંકોચે કરીશ. પણ—પ—ણ વચન શા માટે ? તેણીનું લોચન ફરકયુ અને આખ્ખુ અંગ ધ્રુજવા લાગ્યું, તેણી માફી માંગતી હોય તેમ અનીલ તરફ જોઈ રહી.

'આજ્ઞા ન પળાતી હોય અને વચન ન અપાતું હોય તો અહીંથી ચાલી જા, લે તને ટ્રેન ભાડું પણ આપું છું, અને મારા નોકરને પણ તને સ્ટેશને મુકવા મોકલું, તારાથી જ્યાં જવાય ત્યાં જતી રહે.'

'પણ હું જઇશ કયાં ? તમારે કારણ મેં મ્હારા કાકા કાકીને તજ્યાં, સમાજમાં હડધુત થઈ છું ને હવે હું કયાં જાઉં ?'

'ન જવાય તો પછી વચન આપ ? કે તમે જે કહેશો તે વગર આનાકાનીએ કરીશ. 'આમ વચન આપ નહિ તો પછી હેંડો.

મેં તમારૂ બોલવું પાડવા ના કહ્યુંજ કયારે ? પણ વચન માટે મારો આત્મા પોકાર કરી કરી આપવા ના કહે છે પણ આત્માનું ન માનતા તમને રાજી રાખવા વચન આપું છું પણ મુજથી બની શકે તેવુંજ માંગજો.' એમ કહી તેણીએ વચન આપવા હાથ લાંબો કીધો, આત્મા પોકાર કરી કહેવા લાગ્યો; તું વગર વીચાર્યું શું કરે છે ? અત્યારે એ નશામાં છે, એટલે એ તને કંઇ પણ કહે પણ તું પાગલ થઇ તેના શબ્દોને નમતું શા માટે આપે છે ?' પણ કરે શું ? વચન આપ્યા વીના છુટકો ન્હોતો તેણીએ વચન આપી દીધું.

ત્યાર પછી અનીલ તેણીને પોતાના બાહુ પાસમાં લઇ બોલ્યો પ્રીયા ! તું મને હવે બરાબર રીઝવી શકી છો ! પણ હવે એક અગત્યનું કામ છે તે તું કરીશ ?'

'હાં કહો ! પુષ્પા અનીલનો મનનો હેતુ સમજી શકી નહિ.

'તારે એક યુવકને રીઝવી તેને સપડાવવો પડશે ?

'અનીલ: ?' પુષ્પા ભય પામી બોલી ઉઠી.'

'અનીલ, બનીલ કંઇ નહિ !'

'પણ નાથ એ પાપ હું શી રીતે કરી શકું ?

'પાપ:શેનું પાપ ? તું જાણે છે કે તારો ધર્મ શું છે ? પતિ જે કહેને પત્ની તે કરે તેમા પાપ નથી. ગમે તેમ હોય, પણ હુંજે કહું છું તે તારે કરવુંજ પડશે. હું કહું તે કરવું એ તારૂ કર્તવ્ય છે.

"જો તે યુવકનું નામ વસંત છે. કોઇ પણ આવે અને હું એમ કહું કે આ મારો મિત્ર મી૦ વસંતરાય છે. ત્યારે તારે તેને ઓળખી લેવું. તે આવશે કે તરત હું બ્હાર જવાનું બ્હાનું કાઢી જતો રહીશ. અને બીજા રૂમમાં રહી તારી અને વસંતની વાત સાંભળીશ. જો તેં તેને રીઝવવામાં કમીના રાખી તો તેનું પરીણામ ઠીક આવશે નહિ. તેની આગળ તારૂં નામ રંભા કહીશ અને મારૂ નામ તો મેં મોહનલાલ કહયું છે.

વાંચક રંભા ઉર્ફે પુષ્પાએ વસંતને કેમ રીઝવ્યો હતો અને મોહનલાલ ઉર્ફે અનીલે બ્હાર જવાનું બ્હાનું કેવી રીતે કાઢયું હતું તે આપણે પ્રકરણ બીજામાં વાંચી ગયા છે. હવે ન્યાયાધીશ આગળ રંભાએ કહેલી હકીકત તેજ આ પુષ્પા હતી એ વાંચકને સમજાઈ ગયું હશે.

પ્રકરણ—૨૨ મું.

પુષ્પાએ કેટલાક દીવસ પસાર થવા દીધા [તે પછી તેણીએ એક નોકરને આસ્તે આસ્તે હાથ પર લીધો ને કહ્યું "આ કાગળ પોસ્ટ કરી આવ કોઇ જોવા ન પામે હો ?

સ્વસ્તી શ્રી મુકામ—મધે ગામના રહીશ પુન્ય શ્રી કાકા ભગુ.

જત આ પત્ર વાંચી આપ હું ગરીબ દીકરી પર દયા લાવી મારે લખેલ ઠેકાણે મુંબઈ આવવા કૃપાવંત થશોજી ! હું આપને શરણે આવી છું માટે મારા અવગુણ તરફ ન જોતા મને નર્કના કુંડમાંથી કાઢવા કૃપા કરશો. મેં આપને તરછોડયા તેનું ફળ હું પામી ચુકી છું, તો એ ફળથી મુકત કરવા હું આપને કહું છું એજ.

લી૦ આપની અપરાધી પુત્રીસમ ભત્રિજી પુષ્પા.

આ પત્ર ભગુ કંઈ કામ માટે સ્ટેશને આવ્યો હતો તેને ટપાલીએ પત્ર આપ્યો તે વાંચી ભગુ કોપાયમાન થયો અને મન વીષે બડબડવા લાગ્યો કે "કોણ ! કાકો અને કોણ ભત્રીજી મ્હારી ભત્રીજી તો કે દીવસનીએ મરી ગઈ છે. એમ બબડી ફેંકી દીધો."

શરદ આગ્મે તે દીવસ શશીકાન્ત અમદાવાદથી મુંબઈ આવતો હતો. તેઓ સ્ટેશનથી બ્હાર નીકળી ચાલતા હતા. શશીકાન્તે ભગુને ગુસ્સામાં કંઈ કાગળ નાખી દેતા જોયો. શશીએ તે ઉપાડી લીધું અને જોયું તો તે કાગળ પુષ્પાનું હતું.

શશી દોડતો ભગુ પાસ આવ્યો ને કહ્યું.

"કાકાશ્રી પ્રણામ."

"ઓહ શશી આવ્યો કે?"

"જી હા, ગરમીની રજા મળી હોવાથી હું આવ્યો છું," હં પુષ્પા બ્હેનનો કંઈ પત્ર બત્ર આવે છે કે નહિ?

"શશી તારે જે કંઇ કહેવું હોય તે કહેજે, પણ તે કમજાતનું નામ મારી આગળ ન લઇશ!"

"કાકા તમારી મર્યાદાને લાત મારી તમારી સામે ન કહેવાનો શબ્દ કહું છું કે કમજાત આપ છો! તેણીને દુઃખમાં નાંખવા માટે જવાબદાર આપ છો."

શશીકાન્ત મુંબઇ આવ્યો; તે જ્યારે તેના પીતા સાથે મુંબઈ દીપાવલી ઉત્સવ જોવા આવ્યો હતો ને ત્યારે જ્યાં ઉતારો લીધો હતો ત્યાં પોતાના પીતાના મિત્રને ત્યાં આવ્યો, ઘણો વખત થવાથી શશીને કોઇ ઓળખતું ન્હોતું પણ તેણે પોતાના પીતાની ઓળખાણ આપી.

આ તરફ અનીલ પણ એક દીવસે ત્યાં આવ્યો હતો. તેને ને શશીકાન્તને પરીચય થયો. એ પણ એક બીજાને ભુલી ગયા હતા; બપોરે બધા ચાહ પીવા બેઠા ત્યારે અનીલે શશીનું નામ પુછ્યું' આપનું નામ શું?

'શશીકાન્ત રાઘવજી ફાર્મર; શશીએ જવાબ આપ્યો.

'તમે મને ઓળખો છો? અનીલે પુછ્યું.

'આપનું નામ?'

'અનીલ કુમાર.'

'હાં હું જ્યારે મ્હારા પીતાજી સાથે મુંબઇ દીવાળી જોવા આવ્યો હતો ત્યારે મારે ને તમારે પરીચય થયો હતો, શશીએ જાણ્યું સુદ્દો હાથ આવ્યો છે ખરો. બન્નેવને ઘણા વખત ઉપર ઓળખાણ થઈ હતી ખરી પણ બંન્ને

જણુ એક બીજાનું ગામ જાણતા ન્હોતા. હું તો આપને હમણા શા કારણે આવવું થયું ? અનીલે આગળ ચલવ્યું.

"ગામડાઓમાં હાલ દુકાળ પડયો હોવાથી મેં વીચાર્યું કે મુંબઈમાં જઈ કાપડની દુકાન કાઢું 'શશીએ ઉંધો ભેદ બતાવ્યો." એમ જાણી હું અહીં વેપાર અર્થે આવ્યો છું તો આપ પણ કંઇ મદદ કરજો.

"જેવો વખત" વારૂ તો આપ આજે મ્હારા મહેમાન થઈ મારે ત્યાં પધારો એમ કહી અનીલ તેને પોતાને ત્યાં લઈ ગયો. અનીલ અને શશીએ ઘરમાં પ્રવેશ કીધો કે પુષ્પાની અને શશીની નજર એક થઈ. "પુષ્પાના મુખથી શ...શ... થતું જોઇ શશીએ આંખ મારીને આંગળી બતાવી તેથી પુષ્પા તરત સમજી ગઇ."

અનીલ થોડા વખત બેસી પુષ્પાને અને શશીને ઓળખાણ કરાવી બહાર જવાનું બ્હાનું કાઢી ત્યાંથી પુષ્પાને ઇશારત કરી જતો રહયો. તે પછી પુષ્પા અને શશીએ અનીલને ખાલી દોળ બતાવવા પ્રેમ ચેષ્ટાની માફક અલગ રહી કામ કર્યા કર્યું થોડા દીવસ પસાર થતા દઇ શશીકાન્તે પુષ્પાના કહેવા પ્રમાણે અનીલને કહયું કે મિત્ર હું આપના આદર સત્કારથી બહુ ખુશ થયો છું "પણ મારે હવે દુકાન ખોલવી નથી. તેથી મને તમે તમારી ટુકડીમાં દાખલ કરો!"

"અનીલે વીચાર્યું કે એક શીકાર હાથ આવેલ છે. ને બીજો પણ આવે છે. તેથી ઘેર બેઠા ગંગા આવે છે ને નદીએ શા માટે નહાવા જવું જોઇએ ? આ વીચારથી તેણે હા કહયું."

પ્રકરણ—૨૩ મું.

હવે સાતમાં પ્રકરણને છેડે ન્યાયધીશ સમક્ષ જે હકીકત રંભા કહેતી હતી ત્યાંથી આપણે પાછું વાતનું જોડાણ કરીશું.

"મહારાજ રંભા ઉર્ફે પુષ્પા હુંજ છું," તેણીએ કોર્ટ પ્રત્યે ભેદ ખોલ્યો. "અને મોહનલાલ ઉર્ફે અનીલકુમાર તે મરનારનું નામ છે. શશી નોકરીમાં દાખલ થયો ત્યાર પછી મોહન ઉર્ફે અનીલે વસંતને તેના બાપનું ખુન કરાવવા મને કહેલું હતું, તે દીવસે મેં શશીકાન્તને કહયું કે વસંત

તેના ભાઇનું ખુંન કરવા જશે! તે વખતે તમારે તેની પાછળ પાછળ જવું અને વસંતને ખુંન કરવા દેવું નહિ.

ત્યાર પછી વસંત ખુંન કરવાને બદલે પાછો આવ્યો અને અનીલ ઉપર માર મારવા ગયો, પણ તેણે વસંતને પકડી નજર કેદ કીધો, ત્યાર પછી અનીલે વસંતની આંખો ફોડવા શશીકાન્ત પાસે શાર ગરમ કરાવ્યા હતા ત્યારે પણ શશીને કહ્યું હતું કે વસંતને ઉન્હી આંચ પણ આવવા દઈશ નહિં, જ્યારે અનીલે વસંતને મારવા કારી હથીયાર ઉપાડયું હતું ત્યારે મેં અનીલ ઉપર છુટો ચપ્પુ મારી ઘા કરીને ખુંન કર્યું હતું.

'નહિ એણે નહિ પણ ખુંન તો મેં કર્યું હતું' બાજુ ઉભા રહેલ શશીકાન્તે ઉચ્ચાર્યું.

'ક્યા અધિકારથી? ન્યાયાધીસે પુછ્યું.'

'બ્હેનના વેર માટે.'

'આપ કોણ છો?'

'પુષ્પાનો ધર્મ બંધુ, શશીકાન્ત; અનીલ પુષ્પાના ચપ્પુનો શીકાર ન બન્યો તેથી મેં તે કાર્ય પુરૂં કર્યું હતું, લંબાણુ તપાસ પછી છેવટે ન્યાયાધીસે કચેરી સમક્ષ કહ્યું હું શશીકાન્તને મોતની સજા ફરમાવું છું.'

'નહિ એને મારા માટે સજા ન કરો, પુષ્પા બોલી ઉઠી, અને કોર્ટ ઉઠી ગઇ તે પછી તેને કેદમાં પુરે તેટલાં શશીકાંત (અનીલ) સાથ પુષ્પાને નીચે મુજબ વાતચીત થઈ.'

'પુષ્પા તું ફીકર ન કર, મને સજા થવીજ જોઇતી હતી; હું સજાને પાત્રજ હતો શશીકાન્તે ઉત્તર આપ્યો. ત્યારે પુષ્પાએ પુછ્યું.'

'કારણ?'

'કારણ? જો સાંભળ! હું ટુંકામાં કહું—'જ્યારે મેં નોકરી માટે અરજી કીધી હતી અને મને અમદાવાદ નોકરી મળી ત્યારે હું ત્યાં ગયો પણ મારૂં લક્ષ તારા તરફ હતું; હું દર્દને ભુલવા માટે અનેક પ્રયાસ કરી ચુકયો પરન્તુ જીવનના દુઃખ શું એટલી બધી ઝડપથી ભુલાય છે? નહિ. ત્યાર પછી મને દુષ્ટોની સોબત લાગી, દર્દને ભુલવા માટે દુષ્ટો સાથ શરાબખાનામાં ગયો, અને શરાબી બન્યો હતો હું શરાબી બન્યો છું એવી વાત હેડમાસ્તરે જાણતા મને નોકરી પરથી

ઉતારી મુક્યો. એ દર્દને દબાવી હું એક દીવસે પીઠામાં દારૂના જામ પર જામ ચઢાવતો હતો. તે વખતે મારો આત્મા પોકારી ઉઠયોઃ—"મુર્ખ તું શું કરે છે? તું કોણ હતો? આજે શું થઈ ગયો! તને ખ્યાલ છે! એક અનાથ અબળાના આંસુ તને કયાં લઇ જશે?

"આત્માના અવાજથી મારો હ્રદય પલ્ટો થયો. હું દર્દને દબાવી તરત પીઠા બ્હાર નીકળી ગયો."

આ વાતને થોડોક સમય પસાર થયો તે પછી મંગીના પીતાએ તથા તેણીના ભાઇએ મારી ઉપર કંકોત્રી (વિવાહનો ચાંદલો) મોકલી લખ્યું હતું કે બે મહીના પછી ગામ પર આવજો. બે મહીના પુરા થયા ને હું ગામ ઉપર આવ્યો. "પણ મારા શરાબીપણાની વાત મંગીના પીતાને કોઇએ કહી હતી તેથી તેણે મને લગ્ન માટે ના કહ્યું. તે વખતે અશ્વીએ અને મેં તેને બહુ સમજાવ્યો પણ તે એકનો બે થયો નહી.

તે દીવસે હું અમદાવાદ જવાનું બ્હાનું કાઢી આપણા સ્ટેશનની કોસંબી ધર્મશાળામાં આવ્યો. અને કોઈ ઓળખી ન શકે તેમ છુપી રીતે ત્રણ દીવસ રહી ચોથે દીવસ હું દયારામ (મંગીના પીતા) નું ખુન કરવા તત્પર થયો કારણ કે તેણે મને અમદાવાદથી બોલાવ્યો મારી નોકરી પણ ગઈ અને લગ્ન કરવા ના કહ્યું તેથી મેં આવેષમાં આવી ચોથા દીવસની રાત્રે ખુન કર્યું અને તુરત અમદાવાદ જતો રહયો હતો. દયારામના ખુનને ત્રણેક માસ વીત્યાબાદ તે ખુન સંબંધી મારા ઉપર કોઇને શંકા ન જવાથી અશ્વિને મને અમદાવાદથી બોલાવી મંગી સાથ લગન બંધનથી જોડી દીધો. ત્યારપછી હું અને મંગી અમદાવાદ ગયાં અને પાછા જ્યારે ગરમીની રજા પડી ત્યારે મંગી સાથે ગામ આવતાં હતાં. સ્ટેશનેથી ઉતરી બ્હાર નીકળતાજ તારા કાકાને મેં પત્ર ફેંકી દેતાં જોયો હતો. તે પત્ર વાંચ્યા પછી હું તારી મદદે આવ્યો. પણ હવે તું મારી સજાની વાત સાંભળ.

પુષ્પા, આજે મેં એક દુષ્ટનો સંહાર કરી એક દુઃખી અબળાને તને બચાવી છે. ને તે જગ જાહેર પણ થયું છે. પણ તે દીવસે મેં નિર્દોષ દયારામનું ખુન કીધું તે કોઇ જાણતું નહોતું પણ મનુષ્યો ભુલે છે કોઇએ ન જાણ્યું તો શું થયું? ઇશ્વર કયાં અંજાણ હતો. આજે હું સજા પામ્યો તે અનીલના ખુન માટે નહિ પણ તે નિર્દોષ વૃદ્ધના ખુન માટેજ.

તેના ખુન માટે મને સજા કરાવવા મારો કાળ મને અહીં મુંબઈ લાવ્યો હતો. આજે ન્યાય જડજોએ નહિ. પણ ઇશ્વરે કીધો છે. ઇશ્વરે જજની વાણીમાં બળ આપી સરસ્વતી ને તેની (જડજની) જીભ્યા પર બેસાડી મને ફાંસીની સજા ફરમાવી. ઇશ્વરી ન્યાય સૌ માટે સરખોજ છે. ને તેથીજ તે દયાળુ દેવ કહેવાય છે.

ઇશ્વરની ન્યાય દ્રષ્ટિમાં, ઇન્સાફ સહુનો એક છે,
સૌને કરવું યોગ દંડ એજ એની ટેક છે.

"મોતની સજા સાંભળ્યા પછી પુષ્પા જા બ્હેન ? તું નિર્દોષને ન્યાય મળ્યો છે અને છુટી છે એટલે હવે મારી ચીંતા મુકી આનંદથી રહેજે. અને મંગી તારી સખી તથા ભાભી થાય છે એટલે તું તેની સંભાળ રાખજે. આ મારૂં કહેણુ અશ્વિન ઉપર મોકલજે તે મ્હારી આજ્ઞાને માની મંગીને તારી પાસ જરૂર મોકલશે. "શશીકાન્તે પુષ્પાને સમજાવીને મોકલી. જતાં જતાં તેણીના ચક્ષુ શશી તરફ જોઈ અશ્રુથી ભીનાઇ ગયા અને શશીની આંખોમાંથી બોર બોર જેવડા બે ઉન્હા આંસુ સરી પડયા અને સીપાહીઓ તેને બેડી સાથે ઘસડી ગયા એટલે પુષ્પા (રંભા) રડતી ત્યાંથી વિદાય થઈ.

સમાપ્ત.

ર પડી ચુકેલાં પુસ્તકોઃ—

૧ થી ૧૧ નંબરની વાર્તાની ચોપડી ખલાસ થઇ છે.

૧૨ ખાવીંદ કે ખજાનો ?
૧૩ બીજવરની બાજી
૧૪ પાડોશીની પુત્રી
૧૫ ગોરી બલા
૧૬ ગરીબીનો ગુનાહ
૧૭ અદેખાઇનો અંધાપો
૧૮ નાર નીરાધાર
૧૯ પર કોમી પ્રેમ
૨૦ પૂર્ણ પતીવૃતા
૨૧ રૂપની રાણી
૨૨ છીછાછલીનો અંત
૨૩ ચતૂર ચાતુરી
૨૪ કુદરતની કરામત
૨૫ પરણું યા તો મરૂં !
૨૬ પ્રેમ શકતી
૨૭ ડોળાતી દયાનત
૨૮ તોખમમાં તસરાક
૨૯ બળવંત બળીદાન
૩૦ દિલાવર દિલબર
૩૧ ફેકતનો ફાંકો !
૩૨ કન્યા કસોટી !
૩૩ તગદીરનું ત્રાજુ
૩૪ કમબખ્તીના પારાવાર !
૩૫ પ્રેમનો પરમાર્થ
૩૬ ખુબસુરતીના ખેલ !
૩૭ ગમ્મતનાં ગાબરાં
૩૮ માયાકુળ મહિલા
૩૯ દયાનત તેવી બરકત
૪૦ વ્હેમની વિપતી,
૪૧ પ્રેમનું પ્રબળ !
૪૨ વફાની પુટલી !
૪૩ ખુને જીગર !
૪૪ 'અનાથ યુવતી'
૪૫ નાઝનીન મહેઝબીન !
૪૬ "કરપીણ કારગો"
૪૭ "કુળવંત કળી"
૪૮ બુલબુલ કે બળા ?
૪૯ નેકજાદ નરગેસ
૫૦ વિર વનિતા
૫૧ દગાબાજ કુન્યા.
૫૨ નકલી નાઇટ
૫૩ ઠગાઇ કોની સગાઇ ?
૫૪ ભપકાબંધ ભરથાર !
૫૫ "ભોળપણનો ભાર"
૫૬ વિવાહ પછીના વિઘ્ન !
૫૭ નાદાનીનો નતીજો.
૫૮ એક તાગડો.
૫૯ "વનમાગી વનિતા."
૬૦ ગરીબીનો ગજબ.
૬૧ પવિત્ર કે પાપી ?
૬૨ વેશવાળ પછીના વાદળ !
૬૩ એ ઇમાન કોણ—મરદ કે ઓરત ?
૬૪ અફસોસનાં આંસુ
૬૫ "પાપી પત્ની'
૬૬ દિલની સાચ્ચી
૬૭ કમાલ કૉમિડી !
૬૮ નિરાળી નિરધન
૬૯ ભલાનું ભલું !
૭૦ ખુદાને દ્વારનું જોડું
૭૧ સમાજીક સંકટ.
૭૨ દિલાવર દુશ્મન
૭૩ પરણ્યા પછીની પંચાત.
૭૪ પુનર્મિલન
૭૫ જાસુસ કે જાદુગર
૭૬ સદગુણી શહેરીયાર
૭૭ 'નવ્વાણું તયની નવી !"
૭૮ બુરાનું બુરૂં
૭૯ તકોબરીના તોબજેશ.
૮૦ માયાનો મોહ !

Printed by Moolchand Kasandas Kapadia at "Jain Vijaya" P. Press SURAT & published by Ruttonsha F. Acharia Crawford Market, BOMBAY. 1

નંબર ૮૧ મી આવતી વાર્તા, નામે—

"ઑરત કે આફત ?"

આવતી તા. ૧ લીએ બહાર પડશે.